ભરતખંડના ઇતિહાસનો

પ્રશ્નોત્તર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

[illegible]

૨૨૩૯ નડીઆદ.

સત્યસાગર પ્રેસ.
સને ૧૮૮૪—સંવત ૧૯૪૦

કિંમત ૦-૩-૦

ભરતખંડના


ઈતિહાસનો

પ્રશ્નોત્તર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ચોકસી. નારણલાલ હીરાચંદ.

આવૃત્તિ પાંચમી.



નડીઆદ.

સત્યસાગર પ્રેસ.

સને ૧૮૮૪—સંવત ૧૯૪૦

કિંમત ૦-૩-૦

ભરતખંડના ઈતિહાસનો પ્રશ્નોતર.

પ્રકરણ ૧ લું.

પ્ર૦ આર્ય પ્રજાનું મુળ સ્થાન ક્યાં કહેવામાં આવે છે?

ઉ૦ મધ્ય એશીઆમાં ઓકસસ નદીના પ્રદેશમાં ને તેની આસપાસના પ્રદેશમાં.

પ્ર૦ મૂળ રેહાણમાંથી પ્રથમ તે જાત ક્યાં ક્યાં પસરી?

ઉ૦ કેટલાક યુરોપમાં, કેટલાક ઇરાનમાં ને ભરતખંડની સીંધુ નદીને કાંઠે ને ત્યાંથી ભરતખંડમાં રહ્યા.

પ્ર૦ સંસ્કૃતમાં જુનામાં જુના ગ્રંથનું નામ તથા તેના પેટાના પુસ્તકોનાં નામ શાં?

ઉ૦ સંસ્કૃતમાં સર્વથી જુનામાં જુનો ગ્રંથ વેદ છે તેમાં દેવના પ્રાર્થના લખી વેદાંગો તથા ઉપનીશદાદી વેદો વીગરે તેના પેટાનાં પુસ્તકો છે

પ્ર૦ સ્મૃતીઓમાં શું લખ્યે છે?

ઉ૦ એમાં રાજા પ્રજાના કાયદા તથા બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણોને કરવાની ક્રિયા લખી છે તે ઉપરથી તે સમયના લોકની સ્થીતીનું જ્ઞાન થાય છે.

પ્ર૦ કયા ધર્મને બૌધ માર્ગ કહે છે અને તેને કોણે પળાવ્યો?

ઉ૦ યજ્ઞ કરવામાં જે પશુઓ હોમતા તે પશુ હીંસાથી કંટાળીને કેટલાક વીદ્વાનો યજ્ઞ કરનારની સામા થયા તેમાં શાકયસીંહ નામે રાજ પુત્ર મુખ્ય હતો તેણે ચલાવેલા માર્ગને બૌધ માર્ગ કહેછે.

પ્ર૦ શાકયશીહ વિશે તમે શું જાણો છો?

ઉ૦ તે રાજપુત્ર રાજ્ય છોડી ૬૪ સાધુ થયો ને લોકોને કહેવા લાગ્યો કે અજામેધ, અશ્વમેધ, વીગરે પાપી યજ્ઞ ન કરવા જોઇએ પુરમે-

શ્વરને માનું તે માનતો નહી તેના મુખ્ય ચાર મત હતા. ૧ પશુ હોમવાનો પાપી યજ્ઞ ન કરવો જોઇએ. ૨ સઘળા માણસ સરખા છે, ૩ જન્મથી કોઇ ઊંચ નીચ નથી ૪ કર્મબંધ પડે નહી ત્યાં સુધી જન્મ મરણથી જીવ છુટે નહી.

પ્ર૦ મુર્તી પુજા, વ્રત વર્તુલાને જાત્રાનો ચાલ શી રીતે સ્થાપન થયો?

ઉ૦ શાકયસીંહના મત પ્રમાણે થોડાં માણસો નીર્વાણ પામેલા એટલે મોક્ષ ગએલા ગણતા તેમના બદલામાં મુર્તીઓ કરી બૌદ્ધ ધર્મીઓ તેમની પુજા કરવા લાગ્યા અને ગામ પરગામ તેમના દર્શન કરવા એટલે જાત્રા કરવા જતા અને તેમની બાધાઓ ચાલતી.

પ્ર૦ બૌદ્ધ ધર્મ કયા સમયમાં થયો છે?

ઉ૦ ઇ૦ સ૦ પુર્વે ૫૫૦ વર્ષ ઉપર.

પ્ર૦ મુળ ચાર નાતો તુટીને હજારો નાતો કયારે થઇ?

ઉ૦ વેદધર્મીઓ અને બૌદ્ધ ધર્મીઓ વચે ઝઘડો થયો ત્યારે? અને તે વખતને કળીયુગ એટલે ઝઘડાનો વખત કહે છે.

પ્ર૦ અયોધ્યાના સુર્યવંશી દશરથ રાજાને કેટલા પુત્ર હતા ને મોટાનું નામ શું?

ઉ૦ ચાર કુંવર હતા તેમાં સૌથી મોટાનું નામ રામ હતું.

પ્ર૦ રામ કોની સાથે પરણ્યો હતો?

ઉ૦ મિથિલના રાજા જનકની અતિ સુંદર અને ગુણવાન કુંવરી સીતા સાથે.—

પ્ર૦ રામ સીતાને શી રીતે પરણ્યા?

ઉ૦ જનકરાજાએ સ્વયંવરનો મંડપ રચ્યો હતો ને તેમાં એક ભારે ધનુષ મુક્યું હતું જનકનો ઠરાવ હતો કે જે એ ધનુષ ઉપાડી ભાગે તેને કુંવરી પરણાવવી આ ધનુષ મંડપમાં આવેલા કોઇથી ભાગ્યું નહીં પણ રામે ભાગ્યું તથી તેને સીતા પરણાવી.

પ્ર૦ રામને દેશવટો શાથી ભોગવવો પડયો ને તેનું કારણ શું?

ઉ૦ દશરથને એક કૈકેઈ નામે રાણી હતાં તેને એક સમયે પ્રસન્ન થવાથી રાજાએ બે વરદાન માગવાનું કહ્યું ત્યારે રાણીએ કહ્યું કે તે કોઇ પણ પ્રસંગે માગીશ. હવે જ્યારે દશરથ ઘરડો થયો ત્યારે તે રાજપાટ રામને સોંપવાની તૈયારી કરતો હતો તે જોઇ તેની હોરમન કૈકેઇને ઈર્ષા આવી તેથી તેણે આ પ્રસંગે રાજા પાસેથી પેલાં બે વરદાન માગ્યાં. પહેલું એ કે મારા પુત્ર ભરતને રાજગાદીએ બેસાડો ને બીજું રામને દેશવટો દ્યો તેથી રામે પોતાના પીતાનું વચન પાળી દેશવટો ભોગવ્યો.

પ્ર૦ રાવણ અને રામને પ્રથમ વેર થવાનું કારણ શું ને વેર રાવણે શી રીતે લીધું?

ઉ૦ ગોદાવરીને તીરે રામ દેશવટો ભોગવતા હતા ત્યારે રાવણની બેન તેને પરણવા સારૂ ગઈ પણ રામે તેને અપમાન કરી કહાડી મુકી તેથી રાવણ ગુસ્સે થયો અને એક દીવસ રામ લક્ષ્મણ હરણ મારવા ગયા હતા તેવામાં લાગ જોઇ વનમાંથી સીતા લઇ ગયો.

પ્ર૦ સીતાની શોધમાં રામને કોની કોની મદદ મળી હતી?

ઉ૦ દક્ષિણ દેશના હનુંમાન રાજાની.

પ્ર૦ હનુમાન રાજાની પ્રજાને વાંદરા કેમ કહ્યા હશે?

ઉ૦ તે પ્રજા પ્રથમ જંગલી હશે માટે.

પ્ર૦ રામ અને રાવણની લડાઇનો શો પરીણામ થયો?

ઉ૦ રાવણ, તેનો છોકરો ઇંદ્રજીત, તેનો ભાઇ કુંભકરણ, વીગેરેને જીતી લઇ લંકાનુ રાજ રામની તરફના રાવણના ભાઇ વીભીષણને આપ્યું.

પ્ર૦ ભારથના રચનારનુ નામ અને તે ભારથમાં શું લખ્યું છે?

ઉ૦ વ્યાસે ભારથ રચ્યું છે. અને ચંદ્રવંશી રાજાઓનાં નામ ને પરા-

ક્રમ રચ્યા છે અને પાંડવ કૌરવ વચ્ચેના યુદ્ધનુ વર્ણન છે.

પ્ર૦ કૌરવ પાંડવ કોણ હતા?

ઉ૦ ચંદ્રવંશી રાજા ભરતના કૂળના ધૃતરાષ્ટ્ર ને પાંડુ નામે બે ભાઈ હસ્તીનાપૂરમાં રાજ કરતા હતા ધૃતરાષ્ટ્ર ને ૧૦૦ કુંવરો હતા અને તેઓ કૌરવો કેહેવાતા હતા એમાના સર્વથી મોટા કુંવરનુ નામ દુર્યોધન હતુ. પાંડવને પાંચ પુત્ર હતા. યુધિષ્ઠિર, અરજુન, ભીમ, નિકુળ ને સહદેવ તેઓ પાંડવો કહેવાતા હતા.

પ્ર૦ કૌરવ પાંડવો વચ્ચે અણબનાવ શાથી થયો?

ઉ૦ પંચાળ દેશના દ્રૂપદ રાજાને દ્રૌપદી નામે કુંવરી પરણાવવાની હતી સ્વયંવરમાં પાંડવો અને કૌરવો આવ્યા હતા દ્રૂપદનો એવો નિરચય હતો કે ઉચે લટકાવેલા મચ્છનુ પ્રતિબીંબ પાણીમાં દેખાતુ હતું તે જોઈ ઉપરના મચ્છને વિંધે તેને કુંવરી પરણાવવી આ કામ કૌરવ વીગેરે કોઈથી ન થયું પણ અરજુને કર્યું તેથી પાંડવને દ્રૌપદી પરણાવી તથા કૌરવને ઈર્ષા આવી.

પ્ર૦ આ અણબનાવનો શો પરીણામ થયો?

ઉ૦ આ અણબનાવથી હસ્તિનાપુરના રાજ્યના બે ભાગ કર્યા અને કૌરવ પાંડવોએ વહેંચી લીધા. પોતાના ભાગમાં જઈ પાંડવોએ ઈંદ્રપ્રસ્તથ નામે નગર વસાવ્યું અને એમનું રાજ્ય વિસ્તાર પામ્યું.

પ્ર૦ પાંડવોને વનવાસ કેમ જવું પડ્યુ?

ઉ૦ કૌરવ સાથે તેઓ જુગટુ રમ્યા તેમાં રાજ્ય હાર્યા તથા બાર વરસ વનવાસ જવું પડ્યું.

પ્ર૦ પાંડવ કૌરવ વચ્ચે લડાઈ થવાનુ કારણ શું?

ઉ૦ પાંડવોના તરફથી વશિષ્ટએ જઈ દુર્યોધન પાસે રાજ્યનો ભાગ માગ્યો તે તેણે ના આપ્યો.

પ્ર૦ પાંડવ કૌરવ વચ્ચે લડાઇનું શું થયું?

ઉ૦ આ લડાઇમાં પાંડવો તરફ કૃષ્ણ તથ દ્રુપદ વિગરે હતા. કુરૂક્ષેત્રમાં (પાણીપતના મેદાનમા) લડ ઇ થઇ તેમાં કૌરવો હાર્યા.

પ્ર૦ પાંડવ રાજા રાજ્ય કોને સોપી હિમાલય (પરલોકમા) ગયા?

ઉ૦ અભિમન્યુના કુંવર પરિક્ષીતને.

પ્ર૦ આ બનાવ કયારે બન્યો?

ઉ૦ આશરે પાંચ હજાર વર્ષ ઉપર.

પ્રકરણ ૨ જું.

પ્ર૦ પ્રાચીન કાળમાં પરદેશી રાજાઓ કયાં થઇને ભરતખંડ ઉપર ચઢાઇઓ કરી?

ઉ૦ અફગાનીસ્તાનની વાટે.

પ્ર૦ ઇ૦ પુ૦ ૫૧૮ માં કયા પારસી રાજાએ માનવા જોગ ઇતીહાસમાં નોંધાયલો હુમલો કર્યો ને તેનું પરીણામ શું?

ઉ૦ દરવેશ ગુસ્તાસ્પે હુમલો કર્યો તેણે સિંધુ નદીના કાંઠાનો કેટલોક મુલક જીતી ત્યાં અમલ કરવાને હાકેમ નીમ્યો.

પ્ર૦ આ પારસી રાજ્ય કોણે તાબે કરી લીધું?

ઉ૦ ઇ૦ સ૦ પુ૦ ૩૨૭ માં ગ્રીસ દેશનો માહા રાજા સિકંદર સિંધુને તીરે અટક આગળ આવ્યો ત્યાં જેલમ નદીથી દિલ્હી સુધીના પ્રદેશમાં પૌરવ કુળનો કોઇ બળવાન રાજા રાજ્ય કરતો હતો તેની સાથે સિંકદરને ગુજરાત આગળ યુદ્ધ થયું તેમાં પૌરવ હાર્યો આખર તે રાજ્ય રાજા ઉપર દયા આવવાથી પાછું આપ્યું.

પ્ર૦ મૌર્યવંશી રાજા કયા કહેવાય છે?

ઉ૦ મગધના રાજ્યમાં બિંબીસાર અને અજાત શત્રુ થઈ ગયા છે તે-
માં અજાત શત્રુથી છઠા રાજાનું નામ નંદ હતું. આ નંદને અ-
નૌરસ પુત્ર નામે ચંદ્રગુપ્ત હતો જે સિકંદરના ગયા કેડે પંજાબ,
મગધના રાજા ઉપર ઈ૦ સ૦ પુ૦ ૩૧૫માં ગાદીએ બેઠો તેઅને
તેના કુળના રાજાઓ મૌર્યવંશી રાજા કહેવાય છે.

પ્ર૦ ચંદ્રગુપ્તે કેટલા વર્ષ રાજ્ય કરયું અને કયારે મરણ પામ્યો?

ઉ૦ ૨૪ વરસ રાજ્ય કરી ઈ૦ સ૦ પુ૦ ૨૯૧ ની સાલમાં મરણ પામ્યો.

પ્ર૦ ચંદ્રગુપ્તના છોકરાનું નામ શું તથા તેનું બીજાનું નામ શું?

ઉ૦ મીત્ર ગુપ્ત અને બીજુ નામ બીંદુસાર.

પ્ર૦ બીંદુસાર કઈ સાલમાં મરણ પામ્યો ને કેટલા વર્ષ રાજ્ય કર્યું?

ઉ૦ ૨૮ વરસ રાજ્ય કરી ઈ૦ સ૦ પુ૦ ૨૬૩માં મરણ પામ્યો.

પ્ર૦ બીંદુસાર પછી કોણ ગાદીએ બેઠું?

ઉ૦ તેનો દીકરો પ્રીયદર્શી બેઠો ને તેનુ બીજુ નામ અશોક.

પ્ર૦ અશોક કઈ સાલમાં મરણ પામ્યો?

ઉ૦ ઈ૦ સ૦ પુ૦ ૨૨૩ માં.

પ્ર૦ મૌર્યવંશી રાજાના વખતમાં ભરતખંડના લોકની સ્થિતિ, રીતભાત
અને ન્યાય તથા રાજનીતિ કેવાં હતાં?

ઉ૦ બ્રાહ્મણો અને જોગીઓ તે કાળે બહુ તપ કરતા, લોકો ઉદ્યોગી
અને ધનવાન હતા, શીવેલાં કપડાં પેહેરવાનો ચાલ નહોતો તેઓ
વણવાના તથા લુહારના તથા સુતારના હુનરો જાણતા હતા તે-
ઓની અવસ્થા મનુસ્મૃતિમાં કહ્યા પ્રમાણે હતી. તથા સ્ત્રીઓની
અવસ્થા પણ મનુસ્મૃતિમાં કહ્યા પ્રમાણે હતી. બાળ લગ્ન ન હતાં.
પણ સતી થવાનો ચાલ નીકળ્યો હતો અને પોલીસનો બંદોબસ્ત
સારો હતો. રાજા તથા તેના કારભારી પંચની મારફતે ઇનસાફ કરતા

ગામનો બંદોબસ્ત કરનાર મુખીપટલ હતા તેઓ સરકારી નોકરગણાતા પણ તેઓની પાસે જમીન હતી. લહેણાદેવાની ફરીયાદથોડી આવતી.

પ્ર૦ કયા મૌર્યવંશી રાજાએ બૌદ્ધ ધર્મનું માન્ય વધાર્યું ને તે શી રીતે?

ઉ૦ માહારાજા અશોકે જાહેર રીતે બૌદ્ધ માર્ગ સ્વીકાર્યો ને પોતાની સતર વરસની ઊમરે રાજમાં બૌદ્ધ માર્ગને ખુલ્લો આશરો આપ્યો, પણ કોઈ પાસે બળાત્કારે મત મનાવ્યો નહી એણે પોતાના દેશનાં પાલી ભાષામાં ધર્મનાં પુસ્તકો બનાવ્યાં અને તીબેટ, બ્રહ્મદેશ, સીયામ, ચીન, જાવા, સીહલદ્વીપ, વીગરે દેશમાં બૌદ્ધ માર્ગ ચલાવવાને જતીઓ મોકલ્યા.

પ્ર૦ બૌદ્ધ ધર્મ ને જૈન ધર્મમાં શો તફાવત છે અને શું મળતાપણું છે?

ઉ૦ બૌદ્ધ ધર્મમા જ્ઞાતીભેદ નથી. તોપણ તે શાવક પાળે છે જૈન લોકો બૌદ્ધ ધર્મીઓની પેઠે ૨૪ તીર્થંકરોને મુખ્ય માનેછે ને તેને પરમેશ્વર કહેછે બૌદ્ધનીપેઠે તેઓને પણ હીંસા ન કરવી એ મુખ્ય ધર્મ.

પ્ર૦ જૈન ધર્મ કયા વખતમાં ચઢતી ઉપર હતો?

ઉ૦ ઇ૦ સ૦ ૯૦૦ થી તે ૧૨૦૦ સુધી ત્યારપછી પડતી થઇ.

પ્રકરણ ૩ જું.

પ્ર૦ આપણા લોકનું અસલ નામ શું હતું, અને હાલનું હિંદુ નામ શા ઊપરથી પડ્યું?

ઉ૦ આપણા લોકનું અસલ નામ આર્ય હતું; પણ પરદેશીઓનું પાડેલું હિંદુ નામ પ્રખ્યાત થઇ ગએલું છે, ફારસીમાં સિંધુને કાંઠે વસનારાને હિંદુ કહ્યા છે.

પ્ર૦ મોર્યવંશ પછી કયા લોકનો અમલ થયો?

ઉ૦ પંજાબ, સિંધ અને ગુજરાતમાં બાક્ત્રીઆના ગ્રીક રાજાનો અમલ થયો સંભવે છે.

પ્ર૦ એ (બાકત્રિઆના) રાજ્યને કોણે અને કઈ જાતના લોકોએ જીતી લીધું?

ઉ૦ એ રાજ્ય પાર્થીઆના શક લોકે જીતી લીધું, ને એ શક લોક તુર્ક હતા.

પ્ર૦ એ તુર્ક રાજ્ય કોણે જીતી લીધું અને તેમની રાજ્યધાની ક્યાં આગળ ને પાટ નગર કયું શેહેર કર્યું?

ઉ૦ એ રાજ્ય બ્રાહ્મણ ધર્મ માનનારા રજપુત લોકે જીતી લીધું અને તેની પ્રથમ રાજ્યધાની કાબુલ શેહેરમાં હતી, આગળ તેમણે પાછા હઠી લાહોર પાટ નગર કર્યું.

પ્ર૦ અશોકના અમલ પછી કીયા વંશને હાથ રાજ્ય ગયું ને ત્યાર પછી કીયા વંશ થયા?

ઉ૦ સાહવંશ (જે બાકત્રિઆને આધીન હતો) તેને હાથ ગયું ને ત્યાર પછી વલ્લભીવંશ, ચાવડાવંશ, સોળંકી, ને વાઘેલાવંશ.

પ્ર૦ મગધ દેશમાં મૌર્યવંશ પછી કીયા મુખ્ય વંશ થયા ને તેમણે ક્યાં સુધી અમલ કર્યો?

ઉ૦ સંગાકુળે, ઈ૦ સ૦ પુ૦ ૮૯ સુધી, કન્વાવંશ ઈ૦ સ૦ ૩૧ લગી આંધ્રવંશ, ને પરમાર વંશ,

પ્ર૦ પરમાર વંશમાં સૌથી પ્રખ્યાત રાજા કીયા અને તેમની રાજ્યધાની કઈ?

ઉ૦ વિક્રમરાજા અને ભોજ માળવામાં થઈ ગયા છે.

પ્ર૦ પરમાર વંશનું રાજ્ય ક્યાં સુધી માળવામાં રહ્યું. તે કીયા મુસલમાન સરદારે જીત્યું?

ઉ૦ ઈ૦ સ૦ ૧૨૩૧ માં મુસલમાનોએ માળવા વશ કરયું ત્યાં સુધી ને તે અલતમશીને જીતી લીધું.

પ્ર૦ વિક્રમરાજા કેવો હતો ને તેને શું નામ આપાયલું છે?

ઉ૦ એ રાજા ઘણો દયાળુ અને પરોપકારી હતો ને તેને પરદુઃખભંજ-

જન નામ આપાયલું છે.

પ્ર૦ મુસલમાન રાજાઓ હુમલો કરવા લાગ્યા ત્યાર પેહેલાં નર્મદાની ઉ-ત્તરે હિમાલય સુધી કીયાં છ મોહોટાં રાજ્યો હતાં ને ત્યાં કેવો ધારો હતો?

ઉ૦ (૧) પંજાબ (૨) દિલ્હી (૩) કનોજ (૪) બંગાળા (૫) મેવાડ (૬) ગુજરાત વખતે એ છમાંનુ કોઇ બીજાં નાનાં તમામને માથે થતું-તેનું કારણ એ કે રાજાઓ સંપ કરી એકઠા મળે અને રાજ સ-ભામાં કોઇને રાજાધિરાજ નિમે એવો કાયદો નોહોતો માટે લડાઇ-ઓ થતી ને તેમાં જે ભૂપતી માહા બુદ્ધિવાન ને પરાક્રમી નીકળે ને તેની પાસે બીજાં સાધનો હોય ત્યારે સર્વેનો ઊપરી થાય એવો ધારો હતો,

પ્ર૦ આપણા સંસ્કૃતમાં કયા મુલકને દ્રાવિડ દેશ કહે છે?

ઉ૦ મુંબાઇ અને મદ્રાસ ઇલાકાના દક્ષિણના મોટા ભાગને.

પ્ર૦ દ્રાવિડ દેશ ઉપર પ્રથમ કોણે સ્વારીઓ કરી?

ઉ૦ (૧) અયોદ્ધાના રામે (૨) ચંદ્રગુપ્તે (૩) કાશમીરના ગોનાર્દ કુળના રાજા મેઘવાહને (૪) બંગાળાના રાજા દેવપાળદેવે.

પ્ર૦ તે વખતે દક્ષિણમાં મોટાં મોટાં કીયાં રાજ્યો હતાં ને તેનાં નામ શાં ને ત્યાં કોણ રાજ્ય કરતુ હતું?

ઉ૦ મથુપુરી (મદુરા) માં પાંડય વંશના રાજા રાજ કરતા હતા, બીજુ કાંચી (કંજીવરમ કે કાંચીપુરમ) અહીંઆં ચોળ વંશના રાજા રાજ કરતા હતા. ત્રીજુ ત્રાવણકોર, મલબાર, મ્હૈસુરનો આથમણો ભાગ તેમાં ચેરા કુળના રાજા રાજ્ય કરતા હતા ચોથુ ગોદાવરીને કાંઠે પૈ-ઠણ નગરમાં ઇ૦ સ૦ ૭૭ માં સાલીવાહન નામે મોટો રાજા રાજ્ય કરતો હતો પાંચમુ કલ્યાણીમાં ચાલુક્ય (સોલંકી) રાજા રાજ્ય કરતો હતો છઠ્ઠુ વર્રંગુળનુ રાજ્ય, સાતમુ ઓઢીઆ પ્રાન, એમાં કેશરી

વંશના રાજા રાજ્ય કરતા હતા.

પ્ર૦ લિંગાયત પંથ કોણે ઉઠાવ્યો?

ઉ૦ બસાપ્પા નામે બ્રાહ્મણે.

પ્ર૦ વરંગુળ ને ઓઢીઆમાં કોનુ રાજ હતું?

ઉ૦ વરંગુળમાં મગધના આંધ્રકુળ રાજાએ રાજ્ય કરવાથી આંધ્ર રાજ હતુ ને ઓઢીઆમાં કેસરીવંશ ઈ૦ સ૦ ૧૧૩૧ સુધી. કટકમાં ગજપતિ રાજ સને ૧૫૬૮ સુધી હતાં અને તમલક કે મેદપુરની પાસે ગંગા વંશના રાજાનુ રાજય હતુ.

પ્રકરણ ૪ થું.

પ્ર૦ મુસલમાની સન કયારથી ગણાય છે, અને તે હીજરી સન શાથી કહેવાય છે?

ઉ૦ ઈ૦ સ૦ ૬૨૨ માં મહંમદ પૈગમ્બરે મકામાં ઉપદેશ કરી પોતાનો મત ચલાવવા માંડયો તે વખત ત્યાંના લોકો ગુસ્સે થયા, ને તેને મારી નાંખવાનો ઇરાદો કર્યો, તેથી મહંમદ પેગમ્બર ત્યાંથી નાશીને મદીને ગયો, નાસવાને આરબી ભાષામાં હીજરા કહે છે; તેથી તે સન હીજરી કહેવાય છે.

પ્ર૦ મહંમદનો ધર્મ શી યુકિતથી અને શું શીખવ્યાથી બધે ફેલાયો?

ઉ૦ તેણે લોકોને એવું શીખવ્યું કે જે ધર્મને માટે મરે તે સ્વર્ગે જાય ને મુસલમાન ધર્મમાં ગમે તે પ્રકારે બીજાને લાવવા તે મોટુ પુન્ય છે એવું શીખવ્યાથી મુસલમાન ધર્મનો ફેલાવો થયો.

પ્ર૦ પેગમ્બરની પછી ગાદીએ થનારને શું કહેતા?

ઉ૦ ખલીફા.

પ્ર૦ હિંદુસ્તાન ઉપર કયા મુસલમાન સરદારે પહેલું પહેલી સ્વારી કરી,

ને તેની સામો કયો રજપુત રાજાથયોને તેનુ શું થયું ને કેઇ સાલમાં?

ઉ૦ બસરાના સુબાએ મહમુદ કાસીમને સિંધ ઉપર હુમલો કરવાને મોકલ્યો, વેળાએ ત્યાં દાહીર નામે રજપુત રાજા રાજ્ય કરતો હતો; તે કાશીમની સામો થયો પણ એ લડાઇમાં દાહીર મરાયો કાશીમે તેની રાજધાની દેવલનગર જીતીને લુંટી લીધુ, ને ત્યાંની વસ્તીને કતલ કરી; ત્યાર પછી કેટલેક વર્ષે રજપુતોએ રાજ્ય પાછુ લીધું.

પ્ર૦ મહમુદ કાશીમ પછી ભરતખંડ ઉપર કોણે સ્વારી કરી ને તેની સામો કયો રજપુત રાજા થયો?

ઉ૦ અલપ્તગીનના જમાઇ સબકતગીને ભરતખંડ ઉપર ચડાઇ કરી તે વખતે તેની સમે લાહોરનો જયપાળ રાજા થયો; તેમાં તે હાર્યો.

પ્ર૦ શબકતગીનની પછી ગીજનોની ગાદીએ કોણ બેઠું અને તેણે શાં પર ક્રમ કર્યાં?

ઉ૦ સબકતગીનની પછી તેનો છોકરો મહમુદ ગીજનીની ગાદીએ બેઠો. તેણે ભરખંડમાં બાર સ્વારીઓ કરી, અને હીંદુઓના દેશની મુર્તીઓ ખંડન કરી બહુ ધન લુટી ગયો, તેણે પહેલો સ્વારી ૧૦૦૧ માંકરી.

પ્ર૦ મહમુદે છેલ્લી સ્વારી કઇ સાલમાં ને કોના ઉપરકરી ને તેમાં શું થયું?

ઉ૦ મહમુદે છેલ્લી સ્વારી ૧૦૨૪ માં ગુજરાત ઉપર કરી, તેથી ત્યાંનો રાજા ભીમ રાજધાની છોડી નાશી ગયો તેથી મહમુદ સોમનાથ ઉપર ગયો ત્યારે તેની સામે રાજા ભીમ લશ્કર લઇ લડવા ગયો, લડાઇ થઇ તેમાં ભીમ હાર્યો, પછી સોમનાથના દેરાની મુર્તીઓ ભાગી નાખીને ધન લઇ ગયો.

પ્ર૦ મહમુદના વંશજો નબળા હોવાથી ગીજનીનું રાજ કોના હાથમાં ગયું?

ઉ૦ ઇ૦ સ૦ ૧૮૮૬ માં મહમુદ ઘોરીએ ગીજની જીતી લીધુ ને ગીજનીની ગાદીએ બેઠો.

प्र० शाहाबुद्दीन (महमुद घोरी) એ ભરતખંડ ઉપર ક્યારે સ્વારી કરી ને તે કે સામે કયો સજા થયો?

ઉ० ११९१मां तेणे हिंदुस्तान ઉપર ચડાઈ કરી ને તેની સામે પૃથુરાજ થયો.

प्र० थाणेश्वर આગળ કોની કોની વચ્ચે લડાઈ થઈ, તેમાં શો પરીણામ થયો?

ઉ० ११९३ માં મહમદ ઘોરી અને પૃથુરાજ વચ્ચે થાણેશ્વર આગળ લડાઈ થઈ તેમાં પૃથુરાજ હાર્યો.

प्र० કુતુબુદ્દીન કોણ હતો?

ઉ० શાહાબુદીન ઘોરીનો ગુલામ હતો. પૃથુરાજને હરાવીને સુલતાન દેશ ગયો ત્યારે તે હિંદુસ્થાનનો સુબો થયો હતો.

प्र० શાહાબુદ્દીન ઘોરી કઈ સાલમાં ગુજરી ગયો નેકોણે મારી નાંખ્યો?

ઉ०. ગકખર નામે પાહાડી લોકે १२०५ માં મારી નાંખ્યો

प्र० શાહાબુદીન પછી કોણ ગાદીએ બેઠો?

ઉ० કુતુબુદીન ગાદીએ બેઠો, એ જાતનો ગુલામ હતો, તેથી તેના વંશનેઃ ગુલામ કહેવાય છે.

પ્રકરણ ५ મું.

प्र० ગુલામવંશ કેઈ શાલથી કેઈ શાલસુધી રહ્યો?

ઉ० ઈ० સ० १२०६ થી १२९० સુધી,

प्र० ગુલામવંશના કેટલા સુલતાનો થયા અને તેમણે દરેકે ક્યારથી ક્યાં સુધી ને કેટલા વરસ રાજ્ય કરયું?

ઉ० ગુલામવંશના ११ સુલતાન થયા અને તેમણે દરેકે નિચે પ્રમાણે રાજ્ય કર્યું.

				વરસ રાજ્ય કર્યું.
કુતુબુદ્દીન	१२०६	થી	१२१०	४
આરામ	१२१०	થી	१२१०	

અલ્તમસ	૧૨૧૦	થી	૧૨૩૫	
રૂકનુદીન	૧૨૩૫	થી	૧૨૩૬	૧
રજીઆબેગમ	૧૨૩૬	થી	૧૨૩૯	૩
બેરામ	૧૨૩૯	થી	૧૨૪૧	૨
મસુદ	૧૨૪૧	થી	૧૨૪૬	૫
નાસિરૂદીન	૧૨૪૬	થી	૧૨૬૫	૧૯
બલ્બન	૧૨૬૫	થી	૧૨૮૭	૨૨
કૈકુબાદ	૧૨૮૭	થી	૧૨૯૦	૩

પ્ર૦ ગુલામ વંશને દિલ્લીની ગાદી શી રીતે આવી?

ઉ૦ શાહાબુદીન ને દીકરો ન હોવાથી તેના પાળેલા ચાર ગુલામોને જે જે મુલકો ઉપર સુબા ઠરાવ્યા હતા. તે શાબુદીનના પડયા પછી પોતે ડખાવી પડી સ્વતંત્ર થયા. તેમાં કુતુબુદીનના તાબામાં દિલ્હીનો મુલક હતો.

પ્ર૦ અલ્તમસ કોણ અને તેણે શાં શાં ગરાક્રમ કર્યાં?

ઉ૦ અલ્તમસ કરીને કુતુબુદીનનો ગુલામ અને જમાઇ હતો. તેણે પોતાના બાયલા સાળા આરામ પાસેથી રાજ્ય ખુંચાવી લઇને મુલતાન તથા ઉત્તર સિંધ અને બંગાળા તથા બાહારના સુલતાનોને જીતી તેમનાં રાજ્ય કબજ કર્યાં અને કદી ન જીતાયલો માળવા પ્રાત પણ જીતી લીધો. કુતુબુદીનનો કરા માંડેલો કુતુબમીનાર પુરો કરાવ્યો.

પ્ર૦ રજીઆ બેગમના હાથમાં રાજ્ય કેમ આવ્યું ને કેમ ગયું?

ઉ૦ અલ્તમસનો દીકરો રૂકનુદીન નઠારો હોવાથી લોકોમાં અપ્રીય હતો તેની પાસેથી તેની બેન રજીઆબેગમે રાજ્ય લઈ લીધું. તે રાજ્ય કાજમાં ડાહી હતી. પણ તે એક ગુલામ સાથે પ્રીતી કરી બાકીના સરદારોને અપ્રીય થઈ, તેથી તમામ સરદારો નારાજ થઇ તેને

પકડી ખુરા હાલ કર્યા.

પ્ર૦ ત્યાર પછી રાજની શી હકીકત થઈ?

ઉ૦ બેહેરામ ને મસુદ બે નઠારા રાજા હતા તથા નાસરૂદ્દીન ભલો ને સાદો માણસ હતો તેથી એમના વખતમાં રાજ્યમાં ગરબડ ઘણી ચાલી, પણ નાસરૂદ્દીનનો બુલબુલ નામે વજીર અને (અલતમસનો જમાઈ પણ થતો હતો) તેણે સઘળાં બંડ સમાવીને નાસરૂદ્દીન ન સંતાન હોવાથી ગાદીપર બેઠો.

પ્ર૦ કૈકુબાદના રાજ્યની હકીકત કહો?

ઉ૦ એને નીજામુદ્દીન વજીર ઘણો ખરાબ મળ્યો હતો, તેથી એના રાજને ઘણું નુકશાન થયું વળી કૈકુબાદને તેના બાપ તથા આખા કુટંબ સાથે અણબનાવ કરાવ્યો, ને આખરે આવી તકરારોમાં નીજામુદ્દીનને ઝેર દઈ માર્યો.

પ્ર૦ બંગાળામાં બંડ કેઈ સાલમાં થયું?

ઉ૦ ઈ૦ સ૦ ૧૨૭૯.

પ્ર૦ જલાલુદ્દીન કોણ હતો અને તેણે રાજ્ય કેવી રીતે મેળવ્યું?

ઉ૦ એ ખીલજી સરદારને નીજામુદ્દીનના મરણ પછી કૈકુબાદે પોતાનો વજીર બનાવ્યો હતો આ વજીરે પોતાના રાજાને મારી નંખાવી તેના વારસોનો નાશ કરી રાજપદ ધારણ કર્યું.

પ્ર૦ જલાદ્દીનના વંશજોને શું કહેછે અને કયારથી કયાં સુધી રાજ્યકર્યું?

ઉ૦ એના વંશજોને ખિલજી કહે છે અને તમણે ઈ૦ સ૦. ૧૨૯૦થી ૧૩૨૦ સુધી રાજ્ય કર્યું?

પ્ર૦ ખિલજી વંશના પાદશાહોનાં નામ તથા કેઈ સાલથી કયાં સુધી કેટલા વરસ રાજ્ય કર્યું. તેનો કોઠો બનાવીને વરસ રાજ્ય કર્યું.

ઉ૦ જલાલુદ્દીન ૧૨૯૦ થી ૧૨૯૫

ઇબ્રાહીમ	૧૨૯૫	થી	૧૨૯૫	૦
અલ્લાઉદ્દીન ખુની	૧૨૯૫	થી	૧૩૧૫	૨૦
ઉમ્મર	૧૩૧૫	થી	૧૩૧૬	૧
મુબારક	૧૩૧૬	થી	૧૩૨૦	૪
ખુશરૂ	૧૩૨૦	થી	૧૩૨૦	૦

પ્ર૦ અલ્લાઉદ્દીન ખુની કોણ હતો અને તેણે ત્રાસ દાયક કામ શું કર્યું?

ઉ૦ અલ્લાઉદ્દીન જલાલુદ્દીનનો ભત્રીજો હતો અને તેને અયોધ્યા પ્રાંતની સુબેદારી સોંપી હતી તેણે દક્ષિણપર સ્વારી કરી પુષ્કળ દ્રવ્ય લેઈ દિલ્હી આવ્યો, દિલ્હી આવ્યો ત્યારે તેનો કાકો જલાલુદ્દીન જેણે એને સરદાર બનાવ્યો હતો તે એને થોડા સ્વારો લઇ મળવા ગયો કાકા ભત્રીની મુલાકાત થઇ એટલે એ દુષ્ટે પોતાના કાકાને મારી નંખાવ્યો. પછી બેગમે બાળકુંવર ઇબ્રાહીમની દુવાઇ ફેરવી તથા બેગમતથા બે શાહાજાદાને મારી નંખાવ્યા તથા પોતે ગાદીએ બેઠો.

પ્ર૦ અલ્લાઉદ્દીને જ્યારે ગુજરાત જીતવા ફોજ મોકલી ત્યારે ગુજરાતમાં રાજા કોણ હતો અને તેનુ પરીણામ શું થયું?

ઉ૦ આ વખતે ગુજરાતમાં કરણ વાઘેલા રાજા હતો તેનાથી ગુજરાતનો બચાવ કરી શકયો નહીં દેશની ખરાબી થઇ અને મુસલમાનો રાજની સ્થાપના થઇ.

પ્ર૦ અલાઉદ્દીનના વખતમાં મુગલો ચઢી આવ્યા. તેનો પરીણામ શો થયો?

ઉ૦ ઇ૦ સ૦ ૧૨૯૮માં મુગલો લુંટ કરતા આવ્યા અલ્લાઉદ્દીનના સેનાપતી જાફરખાંએ તેઓને હરાવ્યા.

પ્ર૦ જાફરખાંનને શો બદલો મળ્યો?

ઉ૦ તેના બદલામાં જાફરખાંને શત્રુને હાથે મરવા દીધો.

પ્ર૦ બીજા કયા જબરા મહારાજાઓને જીત્યા?

ઉ૦ રણુરથંભોર અને ચીતોડના.

પ્ર૦ કાફુર કોણ હતો?

ઉ૦ ખંભાત લુંટયું ત્યારે ઘણાક માણસોને ઝાલીને ગુલામ કર્યા હતા તેમાંનો એ એક હતો.

પ્ર૦ કાફુરે શું જીત્યું?

ઉ૦ તૈલંગણમાં વરંગળ, પછી કર્ણાટક તથા મલબાર જીત્યાં.

પ્ર૦ અલ્લાઉદ્દીન કેઇ સાલમાં મરી ગયો અને તેની પછી ગાદીએ કોણ બેઠું?

ઉ૦ અલ્લાઉદ્દીનના પછી તેના ચોથા છોકરા ઉમ્મરને ગાદીએ બેસાડી તેના નામથી કાફુર રાજ્ય કરવા લાગ્યો.

પ્ર૦ કાફુરે દુષ્ટ કામ શું આરંભ્યું?

ઉ૦ તેણે મોટા બે શાહાજાદાઓની આંખો ફોડી અને ત્રીજા મુબારકનો જીવ લેવા મારા મોકલ્યા તેઓએ ફરી જઈને કાફુરનો વધ કર્યો.

પ્ર૦ મુબારકે ખુબ ઘાતકી કામ શું કીધું?

ઉ૦ માહારાષ્ટ્રના રાજા હરપાળને પકડી આણી તેની ચામડી ઉતરાવી મારી નાખ્યો.

પ્ર૦ ખુશરૂખાં કોણ હતો?

ઉ૦ એ જાતે ઢેડ હતો પણ રાજા મુબારકે પોતાનો વહાલો ગણી વજીર બનાવ્યો હતો તેણે મુબારકને તથા ત્યારપછી રાજ્ય વંશના તથા રાજ્યકુળના સગપણના એકે એક મરદને મારી નાંખી તખ્તનો દાવો કરનાર કોઇ રહેવા દીધું નહીં અલ્લાઉદ્દીનના વડા દીકરાની વહુ દેવળદેવીને પોતે પરણ્યો તથા પ દરબારી જનાનાની વહુ તથા બીજી બે ટીઓને પોતાના સગા વહાલા ઢેડમાં હતા તેઓને દીધી.

પ્ર૦ ખુશરૂ કેઇ સાલમાં મરી ગયો અને કોણે માર્યો?

ઉ૦ પંજાબની ફોજ તેના સરદાર ગ્યાસુદ્દીન તઘલખના ઉપરીપણા નીચે એના

સામે લઢી તેમાં માર્યો ગયો ઈ. સ. ૧૩૨૦

પ્ર૦ ત્યાર પછી ગાદીએ કોણ બેઠું ને તેના વંશને શું કહે છે?

ઉ૦ ત્યાર પછી ગ્યાસુદીન ગાદીએ બેઠો ને તેના વંશને તઘલખવંશ કહેછે.

પ્ર૦ તઘલખવંશના પાદશાહોનાં નામ, કોણે કયારથી કયાં સુધી અને કેટલા વરસ રાજ્ય કરયું તેનો કોઠો બનાવો?

				વરસ રાજ્ય કરયું
ઉ૦ ગ્યાસુદીન તઘલખ	૧૩૨૦	થી	૧૩૨૫	૫
મહમદ તઘલખ	૧૩૨૫	થી	૧૩૫૧	૨૬
ફિરોજશાહ	૧૩૫૧	થી	૧૩૮૮	૩૭
ગ્યાસુદીન બીજો	૧૩૮૮	થી	૧૩૮૯	૧
અબુબકર	૧૩૮૯	થી	૧૩૮૯	૦
નાસરૂદીન	૧૩૮૯	થી	૧૩૯૨	૩
શિકન્દર	૧૩૯૨	થી	૧૩૯૨	૦
મહમુદશાહ	૧૩૯૨	થી	૧૪૧૪	૨૨

પ્ર૦ ગ્યાસુદીન પછી તેની ગાદીએ કોણ બેઠું તથા તેણે શાં કૃત્ય કર્યાં?

ઉ૦ એનો છોકરો મહમદ તઘલખ ગાદીએ બેઠો તે ભણેલો, બુદ્ધિમાન શુરવીર, પણ ગાંડાઇના કામ કરે, તેવો હતો. દેવગઢ રાજ્યધાની કરવાના ઇરાદાથી દિલ્હીની વસ્તીને ત્યાં જઇ રહેવાને આ ગાંડા શાહે ફરમાવ્યું તેથી હજારો માણસ રસ્તામાં રખડી મુઆ. ઇરાન અને ચીન ઉપર સ્વારીઓ કરવાને મોટાં લશ્કર મોકલ્યાં તેમાં પણ બહુ નુકશાન થઇ કામ થયું નહી પીત્તળના નાણાં ચલાવવાની કોશીશ કરી તેથી પણ લોકોની ખરાબી થઇ અંતે સીંધ ઉપર સ્વારી કરી તેમાં એ માર્યો ગયો?

પ્ર૦ મહમદ પછી કોણ ગાદીએ આવ્યું?

ઉ૦ એના પછી એનો ભત્રીજો ફીરોજશાહ ગાદીએ બેઠો લડાઇ ચલાવ્યું

વામાં બુદ્ધિવાન હતો. તે ભોળો તથા દયાળુ હતો. લોકોપયોગી ધર્મશાળા, મંદ્રેશા, મસજીદો, કુવા, વાવ, તળાવ, ખેતરાંમાં પાણી પોહોંચે તેમ નદીઓને લગતી ખાડીઓ વિગેરે કામ કર્યાં છે.

પ્ર૦ તઘલખ વંશમાં છેલો રાજા કોણ થયો અને તેના રાજમાં જાણુવા જોગ શા શા બનાવો બન્યા?

ઉ૦ છેલો રાજા મહમદશાહ થયો તેના વખતમાં ઈ૦ સ૦ ૧૩૯૮ માં તૈમુર નામે વિકાળ બાદશાહ મૂગલ તથા તુર્ક સૈન્ય લેઇ દેશ લુટતો ને બાળતો તથા હજારોના ખુન કરતો આવ્યો, તેની સામે ગયેલી દિલ્લિની ફોજ હારી મહમુદશાહ ગુજરાત ભાગી નાઠો ને તૈમુર દિલ્લીમાં પેઠો, પાંચ દહાડા લગી શેહેરમાં લુટ ને કતલ ચાલી.

પ્ર૦ ત્યાર પછી દિલ્લીમાં કોણે રાજ કર્યું?

ઉ૦ બે માસ આ રાજ્ય રહ્યા પછી નસરતખાંને, પછી બકાલખાં પ સેથી મહમુદે પાછો આવી ઈ૦ સ૦ ૧૪૧૨ સુધી નામનુ રાજ્ય કરયું પછી દોલતખાંએ બાદશાહ કેહેવડાવ્યા વિના બેવરસ અમલ કર્યો.

પ્ર૦ સૈયદ ખીજરખાં કોણ હતો અને તેણુ શું પરાક્રમ કરયુ?

ઉ૦ સૈયદ ખીજરખાંનને તૈમુરે મુલતાનનો સુબેદાર ઠેરાવ્યો હતો, તેણે દિલ્લી જીતી લીધુ અને સૈયદ વંશની સ્થાપના કરી.

પ્ર૦ સૈયદવંશના પાદશાહોનાં નામ, કેટલાં વર્ષ ને ક્યાંસુધી રાજ્યકરયું?

	રાજાના નામ.				વરસ રાજ્ય કરયું
ઉ૦	સૈયદ ખીજરખાં	૧૪૧૪	થી	૧૪૨૧	૭
	સૈયદ મુબારક.	૧૪૨૧	થી	૧૪૩૩	૧૨
	સૈયદ મહમદ	૧૪૩૩	થી	૧૪૪૩	૧૦
	સૈયદ આલમ	૧૪૪૩	થી	૧૪૫૦	૭

પ્ર૦ સૈયદ વંશ પછી કીયો વંશ થયો?

ઉ૦ લોદી વંશ થયો.

પ્ર૦ લોદી વંશના પાદશાહોનાં સાલવાર નામ લખો?

ઉ૦

રાજાનાં નામ.	ક્યાંથી	ક્યાં સુધી	કેટલા વરસ
બહલોલ લોદી	૧૪૫૦	૧૪૮૮	૩૮
સિકંદર લોદી	૧૪૮૮	૧૫૧૭	૨૯
ઇબ્રાહીમ લોદી	૧૪૧૭	૧૫૨૬	૯

પ્ર૦ લોદી વંશના છેલ્લા રાજાના વખતમાં શા બનાવ બન્યા?

ઉ૦ એ સુલતાન ગર્વિષ્ઠ હતો, તેથી સરદારો નારાજી થયા, તેના ભાઇએ જવાંનપુરમાં બળવો કર્યો તેથી તેને પકડી ઝેર માર્યો, ને બીજા ઘણા માણસોને માર્યા સખતાઇ ઘણી કરવાથી તેનાં પરીણામ માઠાં થયાં. દોલત લોદી પંજાબનો અધિકારી હતો; તેણે કાબુલના સુલતાન બાબરને બોલાવ્યો.

પ્ર૦ પાણીપતનુ યુદ્ધ કોની વચે થયું, કેઇ સાલમાં ને શો પરીણામ થયો?

ઉ૦ બાબર ને ઇબ્રાહીમ વચ્ચે ઈ૦ સ૦ ૧૫૨૬ માં તેમા ઇબ્રાહીમ હાર્યો.

પ્ર૦ લોદીવંશ સુધી જે મુસલમાન પાદશાહ થયા તે ઘણું કરી શું કરીગયા?

ઉ૦ ઘણાખરાએ ધર્માંધ થઇ હિંદુને દુઃખી કર્યા વખત કોઇએ પોતાના ધર્મની મર્યાદા બંધાવી તથા મદ્રેસા કરાવી જરા ઉત્તેજન આપ્યું પણ ઘણા ખરા પ્રજા પીડનાર હતા.

પ્રકરણ ૬ ઠું.

પ્ર૦ દિલ્લીની બાદશાહી તુટવાથી કયા કયા વિભાગો થયા?

ઉ૦ બંગાળા, જવાનપુર, માળવા, મેવાડ, ગુજરાત, ખાનદેશ, દક્ષિણમાં બ્રાહ્મણી રાજ્ય.

પ્ર૦ કાશ્મીરમાં ગોનાર્દ વિગેરે કુળોમાં રાજ્ય ક્યાંથી ક્યાં સુધી રહ્યું?

ઉ૦ ઈ૦ સ૦ પૂ૦ ૨૭૧૪ થી ઈ૦ સ૦ ૧૨૯૪ સુધી

પ્ર૦ ઈ૦ સ૦ ૧૩૧૫ માં કાશમીરમાં કોણ રાજા હતો, અને તેનો પ્રધાન કોણ અને અંતે શો પરીણામ થયો?

ઉ૦ તે વખતે સેનદેવ રાજા હતો. તેના વખતમાં શાહામીર નામે મુસલમાન ચડતાં ચડતાં પ્રધાન પદને પામ્યો. આગળથી આણંદદેવ રાજાએ તેને કાઢી મૂક્યો તેણે બં ઉઠાવ્યું. તેના સંતાપથી રાજા મરણ પામ્યો, અને મીર ગાદીએ બેઠો.

પ્ર૦ બંગાળી પાદશાહીનો અંત કોણે આણ્યે?

ઉ૦ અકબરે.

પ્ર૦ જવાનપુરમાં કોણે ક્યારનો ક્યાં સુધી સ્વતંત્ર રાજ્ય કર્યું. ને તેમને કોણે જીત્યા?

ઉ૦ તુર્કી વંશજોએ ઈ૦ સ૦ ૧૩૯૩ થી ૧૪૭૪ સુધી સ્વતંત્ર રાજ્ય કર્યું તેમને બહલોલ લોદીએ જીત્યા.

પ્ર૦ માળવાનું રાજ કોણે જીત્યું?

ઉ૦ ગુજરાતના બાહાદુરશાહે.

પ્ર૦ સુબેદાર ઝુફરખાંએ ગુજરાતની બાદશાહી સ્થાપી હતી તેનો અંત કોણે આણ્યો?

ઉ૦ અકબરે.

પ્ર૦ અકબરના વખતમાં બીજા કીયા કીયા મુલક જીતાયા?

ઉ૦ સિંધ અને ખાનદેશ.

પ્ર૦ બ્રાહ્મણી રાજ ક્યાં હતું? ને તેનું નામ બ્રાહ્મણી કેમ પડ્યું?

ઉ૦ દક્ષિણમાં હતું ને કોઈ ગંગુ નામે બ્રાહ્મણનો હુશેન નામે ચતુર અને ડાહ્યો ગુલામ મુસલમાન હતો. તે મહમદ તઘલખના વખતમાં ઈ૦ સ૦ ૧૩૪૭માં પાદશાહ બન્યો પણ પોતાના શેઠ બ્રાહ્મણ હોવાથી તેની

નામના શખ્સે પોતે હુસેનગંગુ બ્રાહ્મણી એ નામ કહેવડાવવા લાગ્યો.

પ્ર૦ બ્રાહ્મણીવંશમાં કેટલા પાદશાહ થયા? ને કેટલા વર્ષ રાજ કર્યું?

ઉ૦ ૧૮ પાદશાહ થયા ને ૧૫૦ વર્ષ રાજ રહ્યું.

પ્ર૦ તેના કેટલા ભાગ થયા હતા ને દરેક શા નામથી ઓળખાતા હતા?

ઉ૦ વરાડમાં ઇ. ૧૪૮૪ માં થયું તે ઇમાદશાહી નામથી ઓળખાતા બીજું ઇ. ૧૪૮૭માં થયું અહમદ નગરમાં નીજામશાહી એ નામથી ઓળખાતા તથા ત્રીજું ઇ. ૧૪૮૯માં બીજાપુરમાં આદીલશાહી નામથી ઓળખાતા ચોથું ઇ. ૧૫૧૨ માં ગોવલકાંડામાં કુતુબશાહી એ નામથી ઓળખાય છે.

પ્ર૦ ભરતખંડનો વેપાર યુરોપ સાગે શી રીતે ચાલ્યો?

ઉ૦ ભરતખંડના આથમણા કાંઠાના બંદરોમાં લાલસમુદ્રથી મુસલમાન વેપારીઓનાં વહાણ માલ વેચાતો લેવા આવતાં. ને ઘણોક માલ ઇરાનની વાટે પણ જતો; ભરતખંડનો એમ ગએલો માલ શિરિયા અને મિસરના બંદરોમાંથી યુરોપના વેપારીઓ વહોરતા. તેમને ભરતખંડના વેપારથી મોટો નફો થતો તેથી તેઓ પંડે માલ ખરીદ કરવાને સન ૧૪૯૮ મા કેપ ઓફ ગુડ હોપનો રસ્તો માલમ પડ્યા પછી આવવા લાગ્યા અને તથા યુરોપનો વેપાર ભરતખંડ સાગે જોડાયો.

પ્ર૦ યુરોપની જે જે પ્રજા ભરતખંડમાં આવી હોય તેઓનાં સાલવાર નામ લખો?

ઉ૦ પોરતુગીજ ઇ. સ. ના પંદરમા સૈકામાં, વલંદા ઇ. સ. ના સોળમા સૈકામાં, ઇંગ્રેજો સોળમા સૈકામાં, ફ્રેંચ લોકો સત્તરમા સૈકામા.

પ્ર૦ પોરતુગીજના કીયા બે સરદાર કેઇ કેઇ સાલમાં આવ્યા?

ઉ૦ વાસ્કોડીગામા ઇ૦સ૦ ૧૪૯૮માં આલ્બુકર્ક ઇ૦ સ૦ ૧૫૦૮માં આવ્યો.

પ્ર૦ પોરતુગીજ લોકોના ભરતખંડમાં કેઈ કેઈ જગાઓ છે?

ઉ૦ દીવ, દમણ, અને ગોવા.

પ્ર૦ પોરતુગીજને જોઇને યુરોપના બીજા કયાકયા લોક ભરતખંડમાં આવ્યા?

ઉ૦ વલંદા, ફ્રેંચ, ઇંગ્રેજ વિગેરે પોતે પોતાની ઇસ્ટઇંડીયા કંપની કરીને ભરતખંડમાં આવ્યા.

પ્ર૦ વલંદાએ પોતે કયાં કયાં થાણું કર્યાં?

ઉ૦ પોરતુગીજ પાસેથી આમબોયાના લઇ તથા ચિન્સુરાએ એ ગામોમાં થાણું કર્યાં.

પ્ર૦ ઇંગ્રેજ ઇસ્ટ ઇંડીયા કંપનીએ કઇ સાલમાં પટો મેળવ્યો?

ઉ૦ ઇ૦ સ૦ ૧૬૦૦ મા

પ્ર૦ ઇંગરેજ ઇસ્ટ ઇંડિયા કંપનીએ પ્રથમ કયાં કોઠી ઘાલી?

ઉ૦ સુરતમાં.

પ્ર૦ સુરતમાં ચોરાશી બંદરના વાવટા ઉડે છે એમ શાથી કેહેવાયું?

ઉ૦ વલંદા, અંગરેજ, ફ્રેન્ચ એ લોકના ભારે વેપારથી તથા ચીન, ઇરાન, અર્બસ્તાન. જંગબારના ભારે વેપારથી તથા મક્કે જવાનુ એ બંદર હતુ તેથી વાવટા ઉડે છે એમ કેહેવાયું.

પ્રકરણ ૭ મું.

પ્ર૦ અત્યાર સુધીમાં તુર્કી તથા પઠાણ રાજાઓ થયા તેથી દેશમાં શો ફેરફાર થયો?

ઉ૦ મહમુદ કાશમથી તે શાહાબુદીન ગોરી સુધી તુર્કી લોકો ફકત દેશ ઉપર હુમલો કરતા પણ તમામ રાજવહિવટ તો હિંદુ રાજાના હાથમાં હતો, પણ ત્યાર પછી કુતુબુદીનથી તે લોદીવંશનો આખર સુધી પઠાણો થયા તેમણે રજપુત સંસ્થાન તથા વિજય નગર સિવાય તમામ મોટાં મોટાં હિંદુ રાજ્યો જીતી લીધાં, અત્યાર સુધીના

જે મુસલમાનો થયા તેમણે રાજ લેવા તથા હીંદુ ધર્મનો નાશ કરી મુસલમાની ધર્મમાં લેવા પ્રયત્ન કર્યો. તેમાં રાજ છુટયું. પણ હિંદુ લોકોને વટલાવતાં હજારો ગરીબ હિંદુઓ માર્યા ગયા એટલુંજ નહી પણ તે લોકોના જુલમથી હિંદુઓમાંથી દેશાભીમાન જતુ રહ્યુ ને બળ હીન તથા બેવકુફ બન્યા. પુસ્તકો સંતાડવા લગ્યા. અનંત જ્ઞાતીઓ થઇ બાળ લગ્ન થવા લાગ્યાં. વિધવાને સતી કરવા લાગ્યા પુનર્લગ્ન બંધ થયાં તથા સ્ત્રીઓને મારીને રજપુતો કેસરીઆં કરવા લાગ્યા.

પ્ર૦ મુગલ વંશનો પહેલો પાદશાહ કોણ અને તે હીંદુસ્તાનમાં શી રીતે આવ્યો?

ઉ૦ બાબર, તેને બળવાખોર દોલતખાંએ દિલ્હીનુ રાજ જીતવા તેડી લાવ્યો.

પ્ર૦ બાબર મુગલવંશી કેમ કહેવાયા?

ઉ૦ એ મુગલવંશી નહોતો તથાપી તુર્ક અને પઠાણ પાદશાહો ઉપર મગલોના નાયક બાબર ચડી આવ્યો તથા તે લોકોએ એને મુગલ કહ્યો અને એ નામ તેણે અને તેના વંશજોએ કબુલ રાખ્યું.

પ્ર૦ બાબર દિલ્હીપતી થયો ત્યારે દિલ્હીની પાદશાહી તથા બાહારના ભાગો કોને તાબે હતા?

ઉ૦ બંગાળાના સૈયદ નસીબશાહને તાબે હતો. મહમદશાહ લોહાની બાહેરનો સુલતાન હતો, મેવાડ, માળવાનો કેટલોક ભાગ તથા બીજો કેટલોક મુલક માહારાણા સંગને હાથ હતો, ચંદેરી અને આજુ બાજુ મેદનીરાયને હસ્તક હતું. ગુજરાતના પાદશાહ બાહાદુરશાહ હતો, દક્ષિણ દેશ પાંચ મુસલમાની રાજ્ય અને છઠું વિજયનગરનું રાજ્ય એ રીતે વહેંચાયલો હતો, ગોવાના પોરતુગીજ રાજ્ય હતું

પ્ર૦ બાબર અને રજપુત રાજાઓ સાથે ક્યાં ક્યાં યુદ્ધ થયું અને પરીણામ શો થયો?

ઉ० ઈ०૧૫૨૭માં સીકરીની લડાઈ બાબર ને સંગ વચ્ચે ગઈ તેમાં સંગ મરાગો; ઈ० સ० ૧૫૨૮ માં ચંદેરીને ઘેરો ઘાલ્યો તેમાં ચંદેરી નો મેદની ય મરાયો. પછી બંગાળા ને બહાર પ્રાંત જીત્યા.

પ્ર० બાબર કેઈ સાલમાં મરી ગયો, અને તેના પછી કોણ બેઠું?

ઉ० ઈ० સ० ૧૫૩૦ માં મરી ગયો અને તેના પછી તેનો છોકરો હુમાયુ ગાદીએ બેઠો.

પ્ર० હુમાયુના સામું પહેલ વહેલું કોણ થયું?

ઉ० ગુજરાતનો બહાદુરશાહ માળવા જીતીને તથા ખાનદેશ, વરાડ અહમદનગરને ખંડીઆ કરી બળવાન થઈ હુમાયુની સાથે પણ અણ બનાવ કર્યો તેમાં તેને હુમાયુએ હરાવ્યો.

પ્ર० હુમાયુના વખતમાં કયા સરદારે કયાં હુમલો કર્યો?

ઉ० શેરખાંએ બંગાળા અને બહારમાં.

પ્ર० શેરખાં અને હુમાયુ વચ્ચે કયાં કયાં લડાઈઓ થઈ અને તેનું પરીણામ શું થયું?

ઉ० ઈ० સ० ૧૫૪૦ માં કનોજ આગળ હુમાયુ અને શેરખાં વચ્ચે તેમાં હુમાયુ હાર્યો.

પ્ર० કનોજની લડાઈમાં હાર્યે પછી કયાં ગયો અને કોણે આશરો આપ્યો?

ઉ० સિંધમાં અને મારવાડમાં પઈ અમરકોટ ગયો ત્યાના રાજાએ સાહાય કરી ત્યાંથી ઈરાન ગયો ત્યાના પાદશાહે ૧૪૦૦૦ ઘોડેસ્વાર આપ્યા તે લઈ કાબુલ, કંદહાર આવ્યો ત્યારબાદ કેટલેક વર્ષે એટલે ઈ० સ० ૧૫૫૬માં દિલ્હિપતી થયો અને તેજ વરસમાં એનો કાળ થયો તેના છેલાં વરશો એટલે કનોજની લડાઈ પછીનાં ભટકવામાં ગયાં.

પ્રકરણ ૮ મું.

પ્ર૰ કનોજની લડાઈ પછી કયો વંશ અધિપતિ થયો. તેઓ શું કહેવાય છે અને તેઓમાંના દરેકે ક્યાંથી ક્યાં સુધી રાજ કર્યું?

ઉ૰ કનોજમાં હુમાયુની હાર પછી શેરશાહ અધિપતિ થયો તેઓ શુર કહેવાયછે. તેઓએ નીચે પ્રમાણે રાજ્ય કર્યું.

શેરશાહસુર	૧૫૪૦ થી ૧૫૪૫	૫
સલીમશાહ (ઈસ્લામશાહ)	૧૫૪૫ થી ૧૫૫૩	૮
આદિલશાહ (અદાલત)	૧૫૫૩ થી ૧૫૫૬.	૩

પ્ર૰ શેરશાહના વખતના કામો લખો?

ઉ૰ આ વખતે હિંદુઓમાં ઘણા કસાઈને બળ, શુર, ચતુરાઈ, ચપળતા, સંપ વિગરે સારા ગુણ આવેલા તથી લડાઈમાં શેરશાહ જય ન પામ્યો ત્યારે દગા કરવા લાગ્યો હતો પણ ધર્મની બાબતમાં જુલમ નહોતો કરતો ઉલટો ધર્મશાળા, રસ્તા વિગરે રૈયતને સુખ થાય એમ કરતો હતો.

પ્ર૰ શેરશાહ શી રીતે મુવો?

ઉ૰ કલીંજરનો જીતતાં દારૂખાનુ સળગવાથી બળી મુઓ.

પ્ર૰ પાણીપતની બીજી લડાઈ કોની વચ્ચે થઈ અને પરીણામ શું થયો?

ઉ૰ આદિલશાહના સરદાર હેમુ અને હુમાયુના સરદાર બેરામ વચ્ચે થઈ તેમાં હેમુ હાર્યો, આદિલશાહ બંગાળા તરફ ગયેલો તે વખતે તેના પિત્રાઈ સિકંદરે દિલ્હીનો કબજો કરેલ તેને આવખતે નાશીજવું પડયું અને મુગલ રાજની પુનઃ સ્થાપના થઈ.

પ્રકરણ ૯ મું.

પ્ર૰ મુગલ વંશના પ્રતાપી છ રાજાઓનાં નામ તથા તેઓએ રાજ કરેલા વર્ષો ક્યારથી ક્યાં સુધી તે બતાવો?

ઉ૦ વર્ષ રાજ્ય કર્યું

બાબર	૧૫૨૬	થી	૧૫૩૦	૪
હુમાયુ	૧૫૩૦	થી	૧૫૫૬	૨૬
અકબર (જલાલુદીન)	૧૫૨૬	થી	૧૬૦૫	૪૯
જાહાંગીર (સલીમ)	૧૬૦૫	થી	૧૬૨૭	૨૨
શાહજહાં	૧૬૨૭	થી	૧૬૫૮	૩૧
આલમગીર(ઔરંગઝેબ)	૧૬૫૮	થી	૧૭૦૭	૪૯

પ્ર૦ હુમાયુના દીકરાનુ નામ શું અને તે કેવો રાજા હતો?

ઉ૦ હુમાયુના દીકરાનુ નામ અકબર હતુ ને તે બધા મુસલમાન પાદશાહમાં ઊતમ હતો; એના જેવા ખરા રાજા બીજા થોડાજ થઇ ગયાછે તેનામાં અસાધારણ અકલ અને ડહાપણ હતુ તે વિદ્વાન અતીશુરો, રણમાં ચતુર અને ઉદાર દિલનો હતો; અને તે મનને વશ રાખનાર હતો.

પ્ર૦ અકબરની વય નાની હોવાથી તેનો રાજકારભાર કોણ કરતું?

ઉ૦ તેનો નીમકહલાલ અને બુદ્ધિવાન વજીર બેહેરામખાં કરતો હતો.

પ્ર૦ પાણીપતની લડાઇ બીજી કોની કોની વચ્ચે થઇને તેનો શો પરીણામ થયો?

ઉ૦ ઈ૦ સ૦ ૧૫૫૬ માં બેહેરામખાં અને બંગાળાના નામના પાદશાહ અદિલશાહના વજીર હેમુ વચ્ચે થઇ તેમા હેમુ હાર્યો.

પ્ર૦ અકબરને પોતાના વજીર બેહેરામખાંને ખશેડવાની કેમ ફરજ પડી ને તેને શી રીતે ખશેડયો?

ઉ૦ પાણીપતની લડાઇ થયા પછી બેહેરામ અતિ ગર્વીષ્ટ અને સખત થયો હતો તથી તેના ઊપર મોગલ ઉમરાવો કંટાળ્યા હતા તેથી અકબરે આગરેથી દિલ્લી જઇ પોતાનો રાજકારભાર પોતાના હાથ-

માં લીધો ને ઢંઢેરો ફેરવ્યો કે બીજા કોઇનો હુકમ માનવો નહી.

પ્ર૦ બેહેરામને ખશેડવાથી શો પરીણામ થયો?

ઉ૦ બેહેરામે બળવો કર્યો પણ તેમાં તે પાર પડયો નહી અંતે તેને પાદશાહને શરણે આવવુ પડયું આગલી સારી સેવા ઉપર નજર રાખી અકબરે તેનો ગુન્હો માફ કર્યો.

પ્ર૦ અકબરે કેઇ સારી યોજના કરી? કે જેથી એને જોઇએ તેટલી મદદ મળી?

ઉ૦ હિંદુ મુસલમાન વિગરે તમામ જાતોને સરખા હક તથા પ્રીતી આપી તેથી સઘળી પ્રજા તથા રાજાઓ એને જોઇતી મદદ આપવા લાગ્યા એટલુજ નહી પણ કેટલાએક તો દીકરીઓ પણ મુસલમાનોને દેઇ એક દીલ થવા ધાર્યું.

પ્ર૦ રાજ કારભાર પોતાને હાથ આવ્યા પછી અકબર લક્ષ કેઇ ચાર બાબતો ઉપર દોડયું?

ઉ૦ (૧) પોતાની ફોજના મુસલમાન સરદારોને વશ કરવામાં (૨) હિંદુ રાજાને તાબે કરવામાં (૩) પ્રાંતના સ્વતત્ર થઇ ગયેલા હાકેમોને જીતવામાં (૪) ઘણા વરસના ઝઘડાઓ અને રાજમાં થએલી ઉથલ પાથલથી જે ગેરબંદોબસ્ત થયો હતો તે મટાડીને કાયદેસર કામ ચાલતુ કરવામાં.

પ્ર૦ પાદશાહી કુળને દીકરીઓ આપવાની વડાઇ કયારથી જણાઇ?

ઉ૦ જોધપુરના રાજામાલદેવે પોતાની કુવરી જોધબા અકબર વેરે પરણાવી.

પ્ર૦ એ રાણીને પુત્ર થયો હતો?

ઉ૦ એ રાણીને સલીમ નામે પુત્ર હતો.

પ્ર૦ અકબરે કોની પાસેથી ગુજરાત લીધુ ને કેઇ સાલમાં?

ઉ૦ લોતારખાં ત્રીજા મુજફરશાહ પાસેથી ૧૫૭૩માં ગુજરાત પ્રાંત લીધો.

પ્ર૦ ત્યાર પછી તેણે ક્યા દેશો લીધા?

ઉ૦ ખફર, બંગાળા, સિંધ કાશમીર અને ઓડીસા.

પ્ર૦ કંદહાર કઈ સાલમાં છીતું?

ઉ૦ ૧૫૯૪ માં.

પ્ર૦ અકબર કઈ સાલમાં ગુજરી ગયો?

ઉ૦ ૧૬૦૫ માં.

પ્ર૦ અકબરની પોતાની રીતભાત વિશે શું જાણો છો?

ઉ૦ એશીઆમાં જે મોટા રાજા થયા છે. તેમાં સૌથી સરસ અકબર-શરૂપ છે. તે મળતાવડો અને માહો હતો ખાવા પીવાને મોજ મ-જામાં ન પડતાં તંદુરસ્તી રહે એમ વરતતો બુદ્ધિ ચોખી રાખવાને વરસના કેટલાક ભાગમાં માંસાહાર નહીં કરતો ને શારીરનું બળ ગા ચવવાને બાકીના દિવસોમાં માંસ ભરાણું કરતો તેને ઉંચા ઘોડી હ તી; તેને શીકાર અને કસરત બહુ ગમતાં વખતે ઘોડો દોડાવતો ઘણા કોસ જતો ને ઘણીવાર એક દીવસમાં ૧૫-૨૦ગાઉ ચાલતો.

પ્ર૦ રાજ કારભારમાં અકબરનાં વર્તણૂક વિશેનો હેવાલ આપો?

ઉ૦ અકબરે સરકારી કામ કરવાના નિયમ ઠરાવ્યા હતા તે પ્રમાણે નીમેલા વખતે ખુબ લક્ષ દેઈ કામ બજાવતો પંડે હિંદુ, સંસ્કૃત અને ફારશી ભાશાઓ શીખ્યો હતો. વાર્તા, કવિતા, અને ઇતિહાસ વિગરે પુસ્તકો વાંચતાં તથા હરેક વિદ્યાને ઉતજન આપતો ધર્મ સમંધી ખોળ કરવાને તેને શોખ હતો તેની હજુરમાં ભણેલા બ્રાહ્મણો, મુલ્લાં, ગોરજી અને પાદરી વીગરે ધર્માચાર્ય હતા તે પરમેશ્વર એકલાને માનતો. હિંદુ મુસલમાનમાં ભેદ તથા વેરા કાઢી નાંખી જુલમ રદ કર્યો, તેણે ખેતરો મપાવ્યાં ને વીઘોટી ઠરાવી નાક કાન કાપવાની જંગલી સજા રદ કરી ગુલામ કરવાનો રીવાજ કાઢી

નાંખ્યો. સતી થવાનો ચાલ બંધ કર્યો, પછી બાળ લગન કરવાનો તથા યજ્ઞમાં પશુ હોમવાનો ચાલ પણ બંધ કર્યો ને પુનરલગ્નની રજા આપી તેણે રાજના ૧૮ પ્રાંત અગરતો સુબા ઠરાવ્યા દરેક પ્રાંતના અથવા સુબાના ઉપરીને સુબેદાર કહેતા.

પ્ર૦ અકબરના મરણ પછી કોણ ગાદીએ બેઠું ને ક્યારે?

ઉ૦ ૧૬૦૫ માં તેનો પુત્ર સલીમ અથવા જહાંગીર

પ્ર૦ જહાંગીર ગાદીએ બેઠો તે વખતે તેને કોણ નડ્યું?

ઉ૦ તેનો દીકરો ખુશરૂએ તેને પકડી કેદ કર્યો,

પ્ર૦ જહાંગીરનો કયો દીકરો બહાદુર હતો? ને તે શાથી વખાણાયો?

ઉ૦ શાહજહાં. તેણે દક્ષિણ દેશ વશ કર્યો તથા ઉદેપુરના રાણાને નરમ પાડી પ્રખ્યાત થયો.

પ્ર૦ ગોખનખાં તથા શાહાજહાં પાદશાહની સામો કેમ થયો?

ઉ૦ નુરજહાંની શીખામણથી પાદશાહને એ બે યોધ્ધાને અણબનાવ ચાલતો હતો.

પ્ર૦ જહાંગીરશાહનામાં કેવા ગુણ હતા?

ઉ૦ સમજણ સદભાવ ઇનસાફ પણ દારૂડીઓ ને આકરો હતો. તો પણ એના વખતમાં તમાકુ પીવાનો ચાલ નીકળ્યો હતો તે બંધ કરવાને એણે મેહનત કરી હતી.

પ્ર૦ નુરજહાં કોણ હતી અને તેને સલીમ શી રીતે પરણ્યો?

ઉ૦ કોઇ ગરીબ ઇરાની ઉમરાવની જુવાન અને રૂપાળી બેટી હતી તે તેના રૂપથી મોહીત થઇ, જહાંગીરે તેને પરણવાને ઇચ્છ્યું પણ અકબરે તેને કોઇ ઉમરાવને પરણાવી પછી જ્યારે સલીમ ગાદીએ બેઠો ત્યારે તે અમીરને મારીને પોતે પરણ્યો. અને તેનું નામ નુરજહાં પાડ્યું?

પ્ર૦ આ પાદશાહસાથે વેપાર વિષે કરાર કરવાને વીલાયતથી કોણ આવ્યું હતું?

ઉ૦ ઇંગલાંડના પાદશાહે ૧૬૧૫ માં સરટામસરો નામે વકીલને મોકલ્યો હતો

પ્ર૦ સલીમના રાજ્યમાં કોણે બળવા કીધા હતા?

ઉ૦ તેના દીકરા શાહાંજહાંએ તથા તેના સરદાર મોહોબતખાંએ

પ્ર૦ સલીમ કઇ શાલમાં મરી ગયો ને તેની પછી કોણ ગાદીએ બેઠો?

ઉ૦ તે ૧૬૨૭માં મરી ગયો ને તેની પછી તેનો દીકરો શાહાંજહાં ગાદીએ બેઠો?

પ્ર૦ શાહાજાહે ગાદીએ બેસતાંજ શાં ક્રુર કામ કર્યાં?

ઉ૦ તેણે પોતાના ઠુંઠ ભાઇ શેરીઆરને મારી નાખ્યો તથા પોતાના કુંવરો શિવાય આબરની વશના બધા શાહાજાદાને મારી નાંખ્યા.

પ્ર૦ શાહજહાં ગાદીએ બેઠા પછી તેને કયાં કયાં લડાઇઓ કરવી પડી

ઉ૦ ખાનજહાન લોદીને પાંશરો કરતાં અહમદનગરને ખાલસા કર્યું તથા તેને મદદ કરનારા વિજાપુર અને ગોવલકોંડાના રાજ્યોને ખંડીયાં કર્યાં ઇ૦સ૦ ૧૬૩૭ પોર્તુગીજના બંગાળામાં થાણા હતાં તે લેઇ લીધાં તથા ઇરાન કંદહાર તથા બલ્ખ વિગેરે ઘણી સ્વારીઓ કરી પણ નિષ્ફળ ગઇ પણ અલીમર્દાન નામે સિપાશાહના સરદાર એના તાબામાં આવ્યો હતો.

પ્ર૦ શાહજાંહને કેટલા કુંવર હતા ને કેવા હતા?

ઉ૦ દારા, સુજા; ઔરંગજેબ ને મુરાદ એ નામના ચાર કુંવરો હતા તેમાં દારા શુરો, ભોળો અને ઉદાર પણ અવિચારી હતો શુજા બાયલો અને વિષઇ હતો ઔરંગજેબ બુદ્ધિવાન, રૂપાળો અને યુદ્ધમાં ચતુર હતો પણ અતી લોભી દગાબાજ ને ધર્માંધ હતો.

મુરાદ બાહદુર પણ કમઅકલનો અને વિષઈ હતો

પ્ર૦ ઔરંગઝેબે મુરાદને દારા સાથે લડવામાં શી રીતે મદદમાં લીધો?

ઉ૦ એણે મુરાદને એવું સમજાવ્યું કે મારે તો મક્કે જઈ ભજન કરવામાં વખત ગુજારવો છે. પરંતુ પ્રથમ તારી કુમકે આવી નાસ્તિક દારાને અને તેના કાફર સેનાપતિ જસવંતસંઘને જીતીને તને ગાદી અપાવવી છે આ વાત મુરાદે ખરી માનીને તેની મદદે ગયો.

પ્ર૦ દારાએ બંનેની સામા લડવાને કોને મોકલ્યા, લડાઈ ક્યાં થઈ ને તેમાં શું થયું?

ઉ૦ તેણે પોતાના સરદાર જસવંતસિંઘને મોકલ્યો હતો અને ઉજ્જન આગળ લડાઈ થઈ તેમા જસવંતસંઘ હાર્યો (૧૬૫૭)માં

પ્ર૦ આગ્રા અને કાશી આગળ કોનાં કોનાં યુદ્ધ થયાં?

ઉ૦ ૧૬૫૭મા કાશી આગળ દારાએ શુજાને હરાવ્યો અને દારાને ઔરંગઝેબે હરાવ્યો?

પ્ર૦ ઔરંગઝેબે શી રીતે દીલ્હી જઈ પોતાની ગાદી કરી

ઉ૦ ઔરંગઝેબે પોતાના ભાઈ મુરાદને અને પોતાના બાપ શાહજહાંને કેદ કરી ૧૬૫૮ માં દિલ્હી જઈ પોતાની ગાદી કરી,

પ્ર૦ શાહજહાં કઈ સાલમાં મરી ગયા?

ઉ૦ ૧૬૬૫ માં મરી ગયો.

પ્ર૦ શાહજહાંએ ક્યાં પ્રખ્યાત કામ કરાવ્યાં?

ઉ૦ મોરાસન અને તાજમહેલ એ બે બંધાવ્યાં છે.

પ્ર૦ શાહજહાંના રાજ્યમાં રાજા પ્રજા કેવાં હતાં?

ઉ૦ રાજ્યમા ૨૪ કરોડ રોકડને બીજી મિલકત ઘણી શિલક હતી તથા પ્રજા ઉપર હેત રાખતો તેથી પ્રજા સુખી હતી પાદશાહ ઈનસાફી તથા સારા ગુણવાન તથા હોશીઆર કારભારી રાખતો

પ્ર૦ ઔરંગઝેબે ગાદીએ બેસતાં શી ક્રૂરતા કરી?

ઉ૦ પોતાના ભાઈભત્રીજાઓનાં સંહાર કરીને તેમના કુટુંબને કેદ કર્યાં.

પ્ર૦ કતવાની લડાઈ કોની કોની વચ્ચે ને કેઇ સાલમાં ને તેનુ પરીણામ શું થયું?

ઉ૦ ૧૬૫૯ માં સૂજા અને ઔરંગઝેબ વચ્ચે થઇ તેમાં સુજા હાર્યો.

પ્ર૦ ઔરંગજેબના રાજમાં તેની હિંદુ પ્રજા શા કારણથી નારાજી થઇ?

ઉ૦ આ પાદશાહે હિંદુઓને બળાત્કારે વટલાવવાનો પ્રયત્ન કર્યો, મુર્તી પુજકોનો ઓચ્છવ, ધર્મ સંબંધી વરઘોડા ને બીજા ડોળડમાળ અટકાવ્યા હિંદુઓની જાત્રામાં વેચનાના માલ ઉપર વેરો નાખ્યો. હિંદુઓ પાસેથી મુસલમાન કરતાં બમણા કર લેવા માંડયા ને તેમને સરકારી નોકરામાંથી બાતલ કીધા, તેણે બધા હિંદુઓ ઉપર જઝીઆ વેરો નાંખ્યો.

પ્ર૦ આલમગીરને હિંદુને પીડવાથી શી આપદા પડી?

ઉ૦ સઘળા રજપૂતો, જસવંતસંગની રાણી તથા બાળકોને આલમગીરે પકડવાનો કોશીશ કરવાથી તેની વીરૂદ્ધ થયા ને અકબરથી શાહજહાં સુધી જે રજપુતો આકીનાશી મદદ કરતા હતા તે મદદ ખોઇ એટલુંજ નહીં પણ પંજાબમાં ગુરૂગોવીંદે શીખ પંથ ઉભો કર્યો. તે પણ આગળ તેને તથા તેના વંશજોને નડયો, ને દક્ષિણમાં શીવાજી મહારાજને મરાઠાને ઉશ્કેરી તેની સામો થયો. ને મરેઠા એને કદી પણ વશ ન થતાં ભારે દુઃખ દેવા લાગ્યા.

પ્ર૦ આલમગીર ઘડપણમાં કેમ દુઃખી થયા?

ઉ૦ મરાઠા વશ નહોતા થતા તેથી તથા કુંવરો તથા સરદારો ઉપરના અણવિશ્વાસથી તથા કુંવરો મારી પાછળ રાજ માટે લઢી મરશે ને મારા પાછળ આ રાજ્ય ધુળધાણી થશે. તથા પોતે કાફરી

તથા હુકુંબશાત કરેલાં તેથી પરમેશ્વરને શો જવાબ દેવો એવા ઘણા વિચારો થવાથી દુઃખી થયો.

પ્ર૦ ઔરંગઝેબ કેટલા વરસની ઉમરે ને કેઇ સાલમાં મરણ પામ્યો?

ઉ૦ ઇ૦ સ૦ ૧૭૦૭માં ૮૦ વરસની ઉમરે અહમદનગરમાં મરણ પામ્યો

પ્ર૦ અકબર અને ઔરંગઝેબની ચાલચલગત સરખાવો?

ઉ૦ બુદ્ધિ દ્રઢતા અને ઉદ્યોગમાં એ બે સરખા હતા બીજી બધી વાતે તેઓ ઉલટા હતા અકબર મોટા મનનો અને ઉદાર, ઔરંગઝેબ સાંકડા મનનો ને કપટી અકબર સમદ્રષ્ટી રાખતો ઔરંગઝેબ પક્ષપાતીને પાપી હતો. અકબર જીતેલા શત્રુ ઉપર દયા કરી તેને દોસ્ત કરી લેતો. ઔરંગઝેબ તેના ઉપર ક્રૂરતા કરીવેર વધારતો. અકબર સત્ય ને સારી યુકિતથી કામ કરી લેતો, ઔરંગઝેબ કપટ અને કાવતરાથી પોતાનો હેતુ પાર પાડતો.

પ્ર૦ મુસલમાની મોટા ગ્રંથોનાં તેમના બનાવનાર સાથે નામ લખો?

ઉ૦ ગીજનીના સુલતાન મહમુદના દરબારના મોટા ડાહ્યા ફરદુશીએ શાહાનામુ એવી ચોપડી લખી અહમદનગરના પાદશાહના દરબારમાં ફિરિસતાહ નામે મોટો ઇતિહાસ બનાવ્યો છે, તેમાં ઇ૦ સ૦ ૯૭૫ થી ઇ૦ સ૦ ૧૬૦૫ સુધી હકીકત છે, બાબરે સ્વજીવનચરીત્ર પોતાના તુરકી ભાષામાં લખેલું ફારશીમાં તેનો તરજુમો કર્યો છે. અકબરના મુખ્ય વજીર અબુલફાજલે ઐન. ઇ, અકબરી નામે ઇતિહાસ તથા અકબર નામુ અને જીવનચરીત્ર લખ્યાં તેના ભાઇ ફેજીએ સંસ્કૃત ભણી મહાભારત વિગેરે સંસ્કૃત પુસ્તકોનો ફારશી ભાષામાં તરજુમો કર્યો આલમગીરનો ઇતિહાસ કાફીખાંએ લખ્યો. મિરાતે અહમદી નામે ગુજરાતી ઇતિહાસ ફારસીમાં લખ્યો.

—•()•—

પ્રકરણ ૧૦ મું

પ્ર૦ ઔરંગઝેબને કેટલા દીકરા હતા ને તેનાં નામ શાં?

ઉ૦ મોઆજીમ, આજીમ અને કામબક્ષ એ ત્રણ છોકરા હતા.

પ્ર૦ ઔરંગઝેબે મરતી વખતે કોને રાજ્ય આપવાનો હુકમ કર્યો હતો?

ઉ૦ તેના ત્રણ છોકરાઓ વચ્ચે રાજ્ય વહેંચી આપવાનો હુકમ કર્યો હતો.

પ્ર૦ તેનો આ હુકમ કેમ ન મનાયો?

ઉ૦ તેના ત્રણ છોકરાએ રાજ્ય વહેંચી લેતાં માંહે માંહે લડયા તેમાં આજમ અને કામબક્ષ માર્યા ગયા.

પ્ર૦ ઔરંગઝેબ પછી ગાદીએ કોણ આવ્યું?

ઉ૦ તેનો દીકરો મોઆજીમ બહાદુરશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો.

પ્ર૦ ઔરંગઝેબ પછી થએલા સાત પાદશાહોઓનાં સાલવાર નામ લખો.

ઉ૦ બાહાદુરશાહ (શાહ આલમ) ૧૭૦૭ થી ૧૭૧૨ ૫ વરસ સુધી. જાંહાંદારશાહ ૧૭૧૨ થી ૧૭૧૩ ૧ વરસ સુધી ત્યાર પછી ત્રણ નામના પાદશાહ થઇ ગયા પણ તે લખવાની જરૂર નથી [૩] ફરૂકશીઆર ૧૭૧૩ થી ૧૭૧૯, વરસ સુધી (૪) મહમદશાહ ૧૭૧૯ થી ૧૭૪૮, ૨૯ વરસ સુધી (૫)આહમદશાહ ૧૭૪૮ થી ૧૭૫૪, ૬ વરસ સુધી.

પ્ર૦ આ બાહાદુરશાહ પછી ગાદીએ કોણ આવ્યું ને તે કોની મદદથી?

ઉ૦ ઝુલફીકારખાં નામે સરદારની મદદથી એનો વડો દીકરો જાંહાંદાર શાહ ગાદીએ બેઠો.

પ્ર૦ આ ગ્રાની બીજી લડાઇ કોની કોની વચ્ચે થઇને કઇ સાલમાં?

ઉ૦ ૧૭૧૩ માં જાંહાંદારશાહ અને તેના ભત્રીજા ફરૂકશીયરની વચ્ચે થઇ તેમાં જાંહાંદારશાહ હારયો.

પ્ર૦ ફરૂકશીયર આ લડાઇ કોની મદદથી જીત્યો?

ઉ૦ બાહારના સુબેદાર સૈયદ હુસેનઅલી અને અલાહાબાદના સુબેદાર સૈયદ અબદુલાના મદદથી.

પ્ર૦ જાંહાંદારશાહની પછી કોણ ગાદીએ બેઠો?

ઉ૦ તેનો ભત્રીજો ફરૂકશીઅર ૧૭૧૩માં બેઠો.

પ્ર૦ ફરૂકશીઅરના રાજ્યનો બધો રાજ્યકારભાર કોના હાથમાં હતો?

ઉ૦ તેના પેલા બે મદદગારો સૈયદ હુસેન અને સૈયદ અબદુલાના હાથમાં હતો.

પ્ર૦ આ પાદશાહને જોધપુરના પાદશાહ જોડે લડાઇ ચાલતી હતી તે કેમ માંડી વાળવામાં આવી?

ઉ૦ જોધપુરના રાજાની કુંવરીને તે પરણે એવી સરતથી માંડી વાળવામાં આવી.

પ્ર૦ ડોકટર હેમીલટન વિશે તમે શું જાણો છો?

ઉ૦ કલકતેથી ઈંગ્રેજી વકીલો પાદશાહને અરજ ગુજારવાને આવ્યા હતા તે વકીલોની સાથે હેમિલ્ટન નામે ડોકટર હતો હવે પાદશાહ જોધપુરના રાજાની કુંવરી પરણવાનો હતો તેવામાં તે માંદો પડયો; તેથી લગનમાં ઢીલ થઈ. ડોકટર હેમિલ્ટને ઓખડ આપી તેણે સાજો કરયો. ને તરત લગન થયાં ડોકટરને ઇનામ માગવાનું કહ્યું, ત્યારે તેણે ઇસ્ટ ઇંડીયા કંપનીને માટે બંગાળાના ૩૭ તાલુકાની જમીનદારી માગી લીધી, અને તેમના માલઉપર હાંસલની માફી માંગીલીધી.

પ્ર૦ ફરૂકશીઅરનું મોત શી રીતે થયું?

ઉ૦ સૈયદ હુસેનઅલીએ મારી નાંખ્યો.

પ્ર૦ શાહજહાંના મોરાસન ઉપર છેલ્લુ બેસનાર અને છેલ્લુ કોહીનુર પહેરનાર કોણ હતું?

ઉ૦ મહમુદશાહ

પ્ર૦ શાહપૂરની લડાઈ કેની વચે ક્યારે થઈ?

ઉ૦ ૧૭૨૦માં સૈયદ અબદુલ્લાની અને નિજામની વચ્ચે થઈ તેમાં સૈયદ અબદુલ્લા હાર્યો.

પ્ર૦ ફરૂકશીયર પછી કોણ ગાદીએ બેઠું?

ઉ૦ મહમુદશાહ.

પ્ર૦ નાદીરશાહ કોણ હતો?

ઉ૦ એ ઈરાનનો શાહ હતો; તે મોગલને હરાવી દિલ્હીમાં આવ્યો; પ્રથમ તેણે પાદશાહ અને રૈયત ઉપર રેમ નજર બતાવી; પણ દિલ્હીના લોકોએ તેના સિપાઈઓને મારવા માંડ્યા; તેથી તેણે દિલ્હીમાં કતલ ચલવવાનો હુકમ દીધો. આથી લાખો માણસના જીવ ગયા ઈ૦ સ૦ ૧૭૩૯.

પ્ર૦ મહમદશાહ પછી કોણ ગાદીએ આવ્યું?

ઉ૦ તેનો દીકરો અહમદશાહ.

પ્ર૦ અહમદશાહની કેવી દુરદશા થઈ?

ઉ૦ આ પાદશાહ ઘણો નબળો હોવાથી ગાજીઉદીનની સલાહથી અમીરોએ તેને ગાદીએથી ઉઠાડી મુક્યો, આંધળો કર્યો, અને કેદમાં પુર્યો; ત્યાં તે મરી ગયો, સન ૧૭૫૪ મા.

પ્ર૦ અહમદશાહ પછી થનાર પાદશાહના સાલવાર નામ લખો.

આલમગીર બીજો	૧૭૫૪ થી ૧૭૫૯	૫
શાહઆલમ	૧૭૫૯ થી ૧૮૦૬	૪૦
અકબર બીજો	૧૮૦૬ થી ૧૮૩૭	૩૧
મહમદ બાહાદુરશાહ	૧૮૩૭ થી ૧૮૫૭	૨૦

પ્ર૦ શકકરની લડાઇ કોની કોની વચે ને ક્યારે થઈ?

ઉ૦ ૧૮૨૪ માં થઇ તેમાં નીજામ ઉલમુલકે મુબારકખાનને હરાવ્યો.

પ્ર મોગલાઈ પાદશાહીનો અંત શા રીતે આવ્યો?

ઉ૦ મોગલવંશનો છેલો પાદશાહ મહમદ બાહાદુરશાહ ઈંગરેજના રક્ષણ માં હતો. તે છતાં ૧૮૫૭ ના બળવામાં સામેલ થઈ ઈંગરેજનાં ખુન કર્યા, તેથી તેને દેશનીકાલ કીધો અને તેના વંશજોને તોપને ગોળે ઉડાડી નાખ્યા ત્યારથી મોગલ પાદશાહીનો અંત આવ્યો.

પ્ર૦ સઘળા મુસલમાન રાજમાં કયો વંશ મુખ્ય ને તે શાથી?

ઉ૦ મોગલવંશ મુખ્ય ને તેમાં સતર પાદશાહ થયા. તેમાં છ તો પ્રતાપી પાદશાહ હતા ને તેમણે ઈ૦સ૦ ૧૫૨૬ થી ઈ૦ સ૦ ૧૮૫૮ સુધી રાજ્ય કરયું. ને તે અકબર પાદશાહને લીધે શ્રેષ્ઠ ગણાય છે.

પ્ર૦ મુગલવંશ શાથી પડી ભાંગ્યો?

ઉ૦ જે છ મહાન પાદશાહ થયા તેમાં ઘણાએ રૈયતને રાજી રાખી ને જુલમ ન કરતાં પોતે પોતાના શોખ માટે મેહેલો, મસીદો, રોજા બાગ, નેહેરો વીગેરે કરાવ્યું. ને લાખો રૂપીઆ ખરચ્યા. પણ તેમાં સ્વદેશ હિતકારી તો એકલો અકબર થયો તથાપી આલમગીરે (ઔરંગઝેબે) રઈયત ઉપર ધર્માંધપણાથી અન્યાયને જુલમ કરી કુળને લાંછન લગાડ્યું. ને આખરે ધર્માંધપણાથી તથા તે વંશજો નબળા હોવાથી મુગલાઈ પડી ભાગી.

પ્ર૦ મુગલાઈ ભાગતાં કયાં કયાં રાજ્યો ઉભાં થયાં?

ઉ૦ અયોધ્યા, બંગાળા, નિઝામ, એ સુબેદારો સ્વતંત્ર થયા, શીખ લોકો રાજ મેળવી બળવાન થયા. મ્હેસુરમાં હૈદરઅલી થયો ને દક્ષિણ તથા બંગાળામાં ઈંગરેજ તથા ફ્રેંચોએ રાજ મેળવ્યું મરેઠા તો ખરેખર જોરમાં આવ્યા પણ એમને લુટ સિવાય રાજ કરવાના ગુણ ન હોવાથી જલદી પાયમાલ થયા.

પ્રકરણ ૧૧ મું.

પ્ર૦ માલોજી કોણ હતો?

ઉ૦ દોલતાબાદની પાસે વેરોળ દેશનો માલોજી હતો તે અહમદનગરના પાદશાહ મલીકંબરના લશ્કરમાં ૫૦૦૦ સ્વારોનો નાયક હતો.

પ્ર૦ માલોજીના દીકરાનું નામ શું?

ઉ૦ શાહજી

પ્ર૦ શાહજીને ક્યાં ક્યાં જાગીરો હતી?

ઉ૦ (૧) સતારાના દક્ષિણ (૨) તંજાવરમાં.

પ્ર૦ શાહજીના દીકરાનું નામ શું ને તેનું બાળ ચરીત્ર લખો?

ઉ૦ શાહજીનો છોકરો શીવાજી ૧૬૨૭ માં જનમ્યો હતો શીવાજી પોતાની મા પાસે સતારાની દક્ષિણમાંની જાગીરમાં રહેતો હતો તેને ઉછેરવાની મદદ કરવાને શાહજીએ દાદાજીકાડેનામે બ્રાહ્મણને રાખ્યો હતો. શીવાજી વાંચતાં લખતાં શીખ્યા નહી, પણ ઘોડા દોડાવતાં અને તીર, તરવાર, બરછી વિગેરેના ઉપયોગ કરતાં શીખ્યો દાદાજીકાડેના બોધથી તેનામાં હિંદ જાતનું અભીમાન આવ્યું; તથા મુસલમાની રાજ તોડીને હીંદુરાજ સ્થાપવાનો શીવાજીએ મનસુબો કર્યો.

પ્ર૦ હિંદુસ્તાનમાં હિંદુરાજ સ્થાપવાની ગોઠવણમાં શીવાજીએ પહેલવહેલાં પરાક્રમ શાં કર્યાં?

ઉ૦ બિજાપુરના કેટલાક કિલ્લા તેણે જીત્યા, અને તેમાંથી ધન મળ્યું;— તેના બીજા કિલ્લા બાંધ્યા.

પ્ર૦ શીવાજીને ખાળવાને બિજાપુરના પાદશાહે શું કર્યું?

ઉ૦ બિજાપુરના સરકારે તેના બાપ શાહજીને કેદ કર્યો, પણ શીવાજીએ હિંદુસ્તાનના પાદશાહ શાહજહાંની મદદથી તેને છોડાવ્યો.

પ્ર૦ શીવાજીએ શું દગાબાજીનું કામ કર્યું?

ઉ૦ બિજાપુરના પાદશાહે શીવાજીનો નાશ કરવાને અફજલખાન નામે સરદારને મોટી ફોજ સાથે મોકલ્યો હતો, તે સરદારને શીવાજીએ છેતરીને પ્રતાપગઢની પાસે ડુંગરી કીલ્લામાં એકલો તેડી ઓચીંતો મારી નાંખ્યો.

પ્ર૦ આ પછી શીવાજીના રાજનો વીસ્તાર કયાં સુધી થયો?

ઉ૦ કલ્યાણથી ગોવા સુધી, ભીમા નદીથી વર્ધાનદી સુધી અને જંજી-રા સુધીના મુલકનો ધણી થયો ઈ૦ સ૦ ૧૬૬૨.

પ્ર૦ શીવાજીએ પહેલવેહેલુ સુરત કઇ સાલમાં લુટયું?

ઉ૦ ઈ૦ સ૦ ૧૬૬૩ માં.

પ્ર૦ તે રાજાની પદવી ધારણ કરીને ગાદીએ કયારે બેઠો?

ઉ૦ તેના બાપ મુઆ પછી ઈ૦સ૦ ૧૬૬૪માં તેણે રાજપદ ધારણ કર્યું.

પ્ર૦ ઈ૦સ૦ ૧૬૭૦ અને ૧૬૭૪માં શાં શાં કામ કર્યાં?

ઉ૦ ઈ૦સ૦ ૧૬૭૦ માં તેણે બીજીવાર સુરત લુટયું. ઈ૦સ૦ ૧૬૭૪માં રાજ્યાભિશેક કરાવી મહારાજાધીરાજ પદ ધારણ કરી બહુ દાન કર્યું.

પ્ર૦ શીવાજી કેઈ સાલમાં મરી ગયો?

ઉ૦ ઈ૦ સ૦ ૧૬૮૦ માં મરણ પામ્યો

પ્ર૦ મરેઠા રાજાઓનાં સાલ સાથે નામ લખો?

ઉ૦ શીવાજી ૧૬૬૪. સંભાજી ૧૬૮૦. રાજારામ ૧૬૮૯ શીવાજી બીજો ૧૭૦૦ શાહુ ૧૭૦૮ રાજારામ ૧૭૪૮ શાહુ બીજો ૧૭૭૭ પ્ર-તાપશીહ (બાળાસાહેબ) ૧૮૧૮ શાહાજી (આપાસાહેબ) ૧૮૪૦ થી ૧૮૪૮ રાજ કરયું.

પ્ર૦ શીવાજીનો છોકરો સંભાજી કેવી ચાલનો હતો?

ઉ૦ તે ઘણો નિર્દય અને વિષયમાં ગરક થઇ ગયો હતો.

પ્ર૦ સંભાજીની શી વલે થઇ?

ઉ૦ ઔરંગજેબે તેના રાજ ઉપર ચઢાઇ કરીને તેને કેદ કરી લીધો
અને મારી નંખાવ્યો.

પ્ર૦ શીવાજીના વખતથી મુખ્ય પ્રધાનોનાં નામ શા કહેવાતાં?

ઉ૦ પેશ્વા.

પ્ર૦ સંભાજીના પેશ્વાનુ નામ શું?

ઉ૦ બાલાજી વીશ્વનાથ.

પ્ર૦ પેશ્વાઇ રાજાઓના સાલ વાર નામ લખો?

ઉ૦ બાલાજી વીશ્વનાથ ૧૭૧૪ બાજીરાવ બલ્લાલ ૧૭૨૦ બાલાજી બી-
જો ૧૭૪૦ માધવરાવ ૧૭૬૧ નારાયણરાવ ૧૭૭૨ સવાઇ માધવ
રાવ ૧૭૭૪ બાજીરાવ બીજો ૧૭૯૫ થી ૧૮૧૮ સુધી.

પ્ર૦ મરાઠી રાજના બે ભાગ શાથી થયા ને તે ક્યાં ક્યાં?

ઉ૦ સંભાજીના પકડાયા પછી તેના ભાઇ રાજારામના વંશમાં રાજ
ગયું હતું પણ સંભાજીનો દીકરો શાહુ પાદશાહની કેદમાંથી આવી
રાજ પાછું મેળવતાં શાહુએ સતારામાં ગાદી કરી ને રાજારામના
વંશજોએ કોલાપુરમાં ગાદી કરી.

પ્ર૦ પેશ્વા ધણી રણી કેમ થયા?

ઉ૦ શાહુ મુગલાઇ પાદશાહના દરબારમાં ભણી ગણી મોટો થયો હતો
તેથી સઘળી રીતભાત મુગલોની શીખી મોજશોખમાં પડેલો હતો.
તેથી તેનો બાલાજી પેશ્વા જે કરે તે થાય એમ થયું હતું પણ
તે પેશ્વાએ સારી રીતે રાજ્ય આબાદ કીધું. ને પોતાની જાતના-
ને નોકરીમાં રાખી પોતાનું બળ વધાર્યું આગળ જતા શાહુના
વંશજો નામના રાજા કહેવડાવવા લાગ્યા ને ખરેખર પેશ્વા રાજા થઇ પડ્યા.

પ્ર૦ શાહુ રાજાની ફોજનો સરદાર કોણ હતો?

ઉ૦ ખંડેરાવ ડાભાડે.

પ્ર० દામાજી ગાયકવાડ કોણ હતો ને તે વીશે તમે શું જાણો છો?

ઉ० ખંડેરાવ ડાભાડેની ફોજમાં દામજી ગાયકવાડ નામે શુરો અમલદાર હતો. તેની ચાકરીથી રાજી થઇ શાહુએ તેને સમશેર બાહાદુરનો ખીતાબ આપ્યો તથા ઉપ સેનાપતીની જગા આપી. એ દામાજી ગાયકવાડનું કુળ હાલ વડોદરામાં રાજ્ય કરે છે.

પ્ર० બાજીરાવ પેશ્વા વીશે શું જાણો છે?

ઉ० મરાઠી રાજ્યમાં શીવાજી મહારાજ જેવો કોઇ થયો નથી. એણે ચોથ સરદેશમુખી, બાસ દાણા, લુંટ, વીગેરે મેળવ્યું. એટલુંજ નહી પણ તેના ચાક્રાકીના વખતમાં ગરીબ લોકોમાંથી સિંધીઆને હોલકર જેવા બહાદુર નરો ઊપર નીકળી આવ્યા. બાજીરાવમાં પણ રાજ કરવાના ગુણ નહોતા પણ આખા ભરતખંડના ધણી થવાની મરજી હતી. તેથી એણે મોટાં મોટાં ભાપણા આપી સરદારોને તથા રાજાઓને ઉસ્કેરી મોટી લડાઇઓ ચલાવી.

પ્ર० બાજીરાવે કયાં કયાં લડાઇઓ ચલાવી?

ઉ० માળવા, ગુજરાત, ને છેવટે પાદશાહ તથા નિજામ સ.શ ને તેમાં સઘળાને હરાવ્યા તેમજ પોરતુગીજ સાથે લડાઇ કરી વસાઇ જીતી કોકણ જીતી લીધું.

પ્ર० હોલકર અને સિંધીઆના વંશના સ્થાપનાર કોણ?

ઉ० ઇંદોરમાં હોલકરનો વંશ સ્થાપનાર મલ્હારરાવ ને ગ્વાલીઅરમાં સિંધીઆના વંશ સ્થાપનાર રાણોજી હતો.

પ્ર० ડભોઇની લડાઇ કોની કોની વચ્ચે થઇ અને તેનુ પરીણામ શુ થયું?

ઉ० ઇ० સ० ૧૭૩૪ માં બાજીરાવે ખંડેરાવ ડાભાડેને હરાવ્યો.

પ્ર० તે વખતે કયાં કયાં કોનાં રાજ્ય હતાં?

ઉ० ૧. પુનામાં રાજધાની કરી પેશ્વા કુલ અખ્તીયાર ચલાવતા હાલ્યા ર

રઘુજીભોંસલાનુ વરાડનુ રાજ ૩. ધારમાં આણંદરાવના કુંવરનુ રાજ ૪ વડોદરામાં પીલાજીના પુત્ર દામાજી ગાયકવાડનુ રાજ ૫. ઈ-દોરમાં મલ્હારરાવ હોલકરનુ રાજ ૬. ગોવાલીયરમાં રાણોજી સિં-ધીઆના દીકરા જયાપા સિંધીઆનુ રાજ ૭. અકલકોટમાં ફતેહ સંગનુ રાજ ૮. કોલાપુરમાં શાહુના પિત્રાઇભાઇ સંભાજીનુ હતુ.

પ્ર૦ બીજા શાહુએ કેઈ સાલમાં પેશ્વાથી સ્વતંત્ર થવાનો યત્ન કર્યો?

ઉ૦ સન ૧૮૦૧ માં.

પ્ર૦ આ સબબથી પેશ્વાએ શાહાનુ શું કર્યું?

ઉ૦ પેસ્વાએ તેનુ રાજ છીનવી લઇ તેને અને તેના બે દીકરા નામે બાળાસાહેબ અને આપાસાહેબ એ ત્રણેને કેદ કર્યા.

પ્ર૦ પેશ્વાનુ રાજ કેણે અને કેઈ સાલમાં જીત્યું?

ઉ૦ ઇ૦ સ૦ ૧૮૧૮ માં ઇંગરેજે જીતીને બાળાસાહેબ (પ્રતાપસીંહ) ને સતારાની ગાદીએ બેસાડીને કેટલાક મુલક આપ્યો.

પ્ર. બાળાસાહબને ગાદીએથી કેમ ઉઠાડી મુકયો; ને તેની પછી કોને ગાદી આપી?

ઉ. તેના ઉપર ફીતુરનો વહેમ આવવાથી તેને ઉઠાડી મુકયો, ને તેની પછી તેના ભાઇ આપાસાહેબને ગાદીએ બેસાડયો.

પ્ર. આપાસાહેબ મરી ગયા પછી રાજનુ શું થયું?

ઉ. ઇંગરેજ સરકારે રાજ ખાલસા કરી લીધુ ને તેના દત પુત્ર રાજા સાહેબને ૫૦,૦૦૦ રૂપીઆનુ પેનસન બાંધ્યુછે પણ તે રાજા કહે-વાતા નથી

પ્ર. પાંણીપતની પાચમી લડાઇ કોની વચે થઇને તેમાં શો પરીણામ થયો?

ઉ. અહમદ દુરાની અને વિશ્વાસરાવની વચે ઇ. સ. ૧૭૬૧ માં થઇ તેમાં વિશ્વાસરાવ હાર્યો.

પ્રકરણ ૧૨ મુ.

પ્ર० ત્રીંબકરાવ મામા, હરીપંથ, રામ શાસ્ત્રી, સખારામ બાપુ અને નાના ફુડનવીશ નામે પ્રખ્યાત પરૂશોનો કોના રાજ્યમાં ઉદયથયો?

ઉ० પહેલા માધવરાવ પેશ્વાના વખતમાં.

પ્ર० ડભોઈ તથા અમદાવાદ કયા સરદારે જીત્યાં ને કેઇ સાલમાં?

ઉ० ગાડર્ડે સરદારે ૧૭૮૦ માં જીત્યાં.

પ્ર० સાલબાઇનુ તહનામુ કોની કોની વચે ને તેમાં શી સરતો થઇ?

ઉ० સાલબાઇનું તહનામુ ૧૭૮૨ માં ઇંગરેજ અને મરેઠા વચ્ચે થયું તેમાં એવા કોલકરાર કર્યા કે મરેઠાનો મુલક ઇંગરેજોએ પાછો આપવો ઇંગ્રેજ તથા પોરતુગીજ સિવાય બીજી કોઈ યુરોપીઅન પ્રજાને મરાઠી રાજ્યમાં રાખવી નહી ભરૂચ સીંધીઆને આપવું, કર્ણાટકમાં હૈદરે જીતેલો મુલક પાછો આપવાને મદદ કરવી ને રાઘોબાને દર મહીને ૨૫૦૦૦ હજાર રૂપીઆનો પગાર પેશ્વાએ આપવો.

પ્ર० કર્દલાની લડાઇ કોની કોની વચે શા કારણથી ને શો પરીણામ થયો?

ઉ० નીજામે ચડેલી ખંડણી નહી ભરી તેથી પેશ્વાએ તેના રાજ્ય ઉપર ચડાઇ કરી અને તેને તાબે થવાની જરૂર પાડી અને નીજામે પેશ્વાને ત્રણ કરોડ રૂપીઆને કેટલાક પ્રાંતો આપવા એવી સરતોથઇ.

પ્ર० વસઇનું તહનામુ કોની કોની વચે અને તેની સરતો.

ઉ० વસાઇનુ તહનામુ ૧૮૦૨માં ઇંગ્રેજ અને બાજીરાવ પેશ્વાવચ્ચે થયુ તેમાં એવા કોલકરાર થયા કે બાજીરાવને ઇંગ્રેજે ગાદી પાછી અપાવવી અને તેના રાજનું રક્ષણ કરવું. એ માટે પુનાની પાસે ઇંગ્રેજ ફોજ રહે અને તેના ખરચ પેટે પેશ્વાએ દર વરસે ૨૬૦૦૦૦૦ લાખ રૂપીઆ ઇંગરેજને આપવા; સુરત ઉપર કશો દાવો રાખવો નહી; નીજામ તથા ગાયકવાડની વચે વાંધો હોતો તેનો પંચાત ઇ-

એજે કરવી, ઇંગ્રેજને જે યુરોપીયન પ્રજાઓ કે દુશ્મનાવટ હોય તેમને રાજ્યમાં રાખવા નહીં અને ઇંગ્લાંડના નિશકરાટી મિત્ર રહેવું.

પ્ર૦ પેશવાઈ અમલનો અંત કોના વખતમાં આવ્યો ને શી રીતે?

ઉ૦ બાજીરાવ પાછો ઇંગરેજ જોડે દગલબાજી કરી લડયો ત્યારે ૧૮૧૮ તેને હરાવીને ઇંગરેજોએ તેની ગાદી લઇ લીધી અને ૮૦૦૦૦૦ લાખનું વરશાશન બાંધી આપી જેમ મલારરાવને મદ્રાસ મોકલીદીધો કે તેમ તેને કનોજ પાસેના બીઠુર ગામમાં રહેવાને મોકલ્યો. આ રીતે પેશવાઇ અમલનો અંત આવ્યો ઇ૦ ૧૮૧૮માં.

પ્ર૦ નીચેનો બોનાવો કઇ સાલમાં બના તે લખો નારાયણરાવ પેશવાનુ ખુન, વારગામનુ તહનામુ, સાલબાઇનુ તહનામુ, માધવજી સિંધીઆનુ મૃત્યુ, સવાઇ માધવરાવનો આત્મઘાત અને સિંધીઆ અને હોલકરનુ યુધ?

ઉ૦ નારાયણરાવ પેશવાનુ ખુન ૧૭૭૨ માં વારગામનુ તહનામુ ૧૭૭૯ માં સાલબાઇનુ તહનામુ ૧૭૮૨ માં માધવજી સીંધીઆનુ મૃત્યુ ૧૭૯૪ માં; સવાઇ પેશવાનો આત્મઘાત ૧૭૯૫ માં, અને સીંધીઆ અને હોલકર વચે યુદ્ધ ૧૮૦૦ માં થયું

પ્રકરણ ૧૩ મું

પ્ર૦ ઇંગરેજોએ મુંબાઇ, મદ્રાસ, અને કલકત્તા નગર, શીરીતે વસાવ્યાં?

ઉ૦ પોર્તુગાલના રાજાએ પોતાની કુંવરી ઇંગ્લાંડના બીજા ચારલસ વેરે પરણાવી તેની પેહેરામણીમાં એ બેટ ચારલસને આપ્યો. ચારલસે તે બેટ પછી ઇસ્ટઇંડીઆ કંપનીને વેચાતો આપ્યો. ઇ૦ સ૦ ૧૬૬૮ વિજયનગરના રાજાના ભાઇ પાસેથી જમીન વેચાથી લઇ ઇંગરેજોએ મદ્રાસ વસાવ્યું. ઇ૦ સ૦ ૧૬૩૯. ઔરંગજેબના વખતમાં

મુગલ સરકાર પાસેથી કલકતા નામે ગામ ઈંગરેજોએ વેચાથી લીધું ને ત્યાં કીલ્લો બાંધ્યો, ને કલકતા વસાવ્યું ઈ૦ સ૦ ૧૬૯૬,

પ્ર૦ આંબુરની લડાઈનું કારણ અને તેના પરીણામ સાલ સાથે લખો?

ઊ૦ તંજાવરના મરેઠી રાજા પાસેથી ચંદા સાહેબે ત્રીચનાપલી બંદર છીનવી લીધુ તેથી રાગોજી અને મોરારરાવ નામે મરેઠા સરદારોએ કરણાટકના નવાબ ઉપર ચઢાઈ કરી નવાબ દેસ્તઅલીના અનવર આગળ હરાવ્યો એ લડાઈમાં નવાબ મારયો ગયો ઈ૦ સ૦ ૧૭૪૧.

પ્ર૦ ઈંગરેજોને દેવીકોટા શી રીતે મળયું?

ઊ૦ તંજાવરની ગાદી માટે બે ભાઈઓ લડતા હતા તેમની વચમાં પડવાથી ઈંગરેજોને દેવીકોટા ઈ૦ સ૦ ૧૭૪૮ માં મળયું.

પ્ર૦ વાંદેવાશની લડાઈ કોની વચે કઈ સાલમાં અને શાં પરીણામ થયાં?

ઊ૦ ઈંગરેજ સરદાર કરનલકુટે લાલી અને બુશી નામના ફ્રેંચ સરદારોને હરાવ્યા ઈ૦ સ૦ ૧૭૫૯.

પ્ર૦ નીચેની સાલે માં કેઈ કેઈ બીનાઓ બની તે લખો? ૧૬૭૪, ૧૭૪૬ ૧૭૪૯, ૧૭૫૦, ૧૭૫૧, ૧૭૫૨, ૧૭૫૫ ૧૭૫૬, ૧૭૬૧.

ઊ૦ ૧૬૭૪ માં ફ્રેંચ લોકોએ પંદીસરી વસાવ્યું ૧૭૪૬ માં ફ્રેંચ લોકોએ મદ્રાસ જીત્યું, ૧૭૪૯ માં ફ્રેંચ સરદાર બુસ્સીએ જીંજીનો કીલો જીત્યો. ૧૭૫૦ માં દુપ્લેઆબાદ તથા દુપ્લેનો કીર્તી સ્તંભ એ બે થયાં, ૧૭૫૧ માં મુઝફ્ફરજંગનું ખુન અને સલાબતજંગનું ગાદીએ બેસવું; ૧૭૫૨ માં ત્રીચિનાપલીનો ઘેરો અને તેમાં ઈંગરેજનો જય, ચંદાસાહેબનુ મૃત્યુ, અને ક્લાઈવનુ પહેલી વાર ઈંગ્લાંડ જવું. ૧૭૫૫ માં ઈંગરેજ અને ફ્રેંચ વચે સલાહ થઈ અને દુપ્લેનું મરણ થયું. ૧૭૫૬ માં ક્લાઈવનું હિંદુસ્તાનમાં પાછુ આવવું અને ૧૭૬૧ માં લાલીનું મરણ થયું.

પ્ર૦ ડુપ્લી, લાબર્ડોન, બુસી, લાલી, માતીન ડુમાસ એ કોણ હતા?

ઉ૦ એ સઘળા ફ્રેંચ સરદારહતા ડુપ્લેએ આખો ભરતખંડ જીતી લેવા ની ધારણા કરેલી હતી ને તે પ્રમાણે એણે કેટલાંવાર જય મેળવી નિજામને કર્ણાટકના દરબારમાં ફરેંચનુ ચલણ થયુ ને ઘણુ ખરૂ દક્ષિણમાં ફરેંચો કરે તે થાય, એમ થયું પણ કલૈવ નામના ઇંગરેજ ની પણ ડુપ્લેના જેવીજ ધારણા હતી તેણે ફરેંચોની સત્તા તોડી ઇંગરેજી રાજ્યનો પાયો નાંખ્યો, તે ફ્રેંચોની સતા લાલીની બેવકુફા ઇને લીધે તથા ફ્રેંચ સરદારોના કુસંપને લીધે તથા કલૈવ જેવા ડા હ્યા ને શુરા ઇંગરેજ આગળ કંઇ ન ચાલવાથી પડી ભાગ્યું.

પ્ર૦ ઇંગરેજે દક્ષિણમાં સત્તા મેળવી તે શી રીતે?

ઉ૦ નિજામની ગાદીને માટે મુજફ્ફરજંગને નાશીરજંગને તકરાર ચાલી તથા કર્ણાટકની ગાદી માટે ચંદા સાહેબને અન્વરૂદીનની તકરાર હતી તેમાં મુજફ્ફર ને ચંદા સાહેબને ફરેંચોએ મદદ કરી. ને તેની વિરૂદ્ધ પક્ષ તરફ ઇંગરેજોએ મદદ કરી. તેમાં ફ્રેંચ સરદારો પેહે લાંતો જીત્યા પણ પાછળની કલૈવ નામના ઇંગરેજ સરદારે તેમની ધારણા ધુળ મેળવી. પોતાનો પક્ષ વિજય કર્યો તેથી દક્ષિણમાંનો ઘ- ણોક મુલક ઇંગરેજોને મળ્યો,

પ્રકરણ ૧૪ મું.

પ્ર૦ અંધારી ઓરડીનુ મુળ કારણ ને તેનુ છેવટ પરીણામ શું?

ઉ૦ બંગાળાનો સુરાજ ઉદદૌલાનો કોઇ કેદી ઇંગરેજને શરણે રહ્યો હતો તે નવાબે પાછો માગ્યો પણ કલકત્તાના ઇંગરેજોએ તેનો હુ- કમ માન્યો નહીં ત્યારે તેણે ઇંગરેજોની વખારો લુટી અને મોટી ફોજ સાથે કલકત્તા જીતવાને નીકળ્યો તે કિલ્લામાં થોડાં માણસો હતાં, તેમાંથી કેટલાએક માણસો નાશી ગયાં બીજા મરાયા અને

એકસો છેતાળીસ ઇંગ્રેજો રહ્યા તેમને નવાબે કેદ કરી એક નાની અંધારી કોટડીમાં પુર્યા. ત્યાં તેઓ પાણી તથા પવન વિગરેની તંગીથી ખુબ રીબાયા. સવારે કોટડી ઉઘાડીને જોયું તો તેમાંથી તેવીશ ઇંગરેજ જીવતા નીકળ્યા. આ માઠા સમાચાર મદ્રાસ પોચતાં ક્લાઇવ મોટું લશ્કર લેઇ બંગાળે આવ્યો. કલકત્તા પાછું જીતી લીધું અને નવાબને હરાવી તેની સાથે સંધી કરી.

પ્ર૦ આ પછી સુરાજ ઉદ્દોલાના દરબારમાં શાં કાવતરાં ચાલ્યાં?

ઉ૦ તેના દરબારીઓ અને કારભારીઓએ છાની મીજલસ કરી કે સુરાજ ઉદ્દોલાને ગાદીએથી ઉઠાડી મુકીને તેના સેનાધીપતી મીરજાફરને ઇંગરેજની મદદથી ગાદી અપાવવી,

પ્ર૦ અમીચંદ કોણ હતો?

ઉ૦ તે એક મોહોટો વેપારી વાણીયો હતો ને ઇંગરેજ લોકોનો દલાલ હતો તે આ છાની મીજલસમાં સામેલ હતો અને તે લાભી હતો તેથી તેણે કહ્યું કે ત્રીશલાખ રૂપીઆ મને આપો તો આ કાવતરૂ નવાબથી છાનુ રાખુ. ઇંગરેજે તેની માગણી કબુલ રાખવાનું ડોળ બતાવ્યું ને પાછળથી તેને જુઠુ ખત બનાવી છેતર્યો તેથી તે બીચારાની કાળજી ફાટી ગઈ.

પ્ર૦ પ્લાસીની લડાઇ કોની કોની વચે થઇ ને તેનો પરિણામ શો થયો?

ઉ૦ સન ૧૭૫૭ માં પ્લાસી આગળ કલાઇવને સુરાજ ઉદ્દોલાની લડાઇ થઈ તેમાં કલાઇવ જીત્યો ને મીરજાફરને નવાબ બનાવ્યો અને સુરાજ ઉદ્દોલા હાર્યો તેથી વેષ બદલી તે નાઠો, કોઇ માણસે તેને બતલાવ્યાથી મીરજાફરે તેને પકડ્યો અને પોતાના દીકરા મીરાનના કબજામાં સોપ્યો મીરાને ક્રુર રીતે મારી નાંખ્યો

પ્ર૦ મીરકાશીમ કોણ હતો ને તેને ઇંગ્રેજ જોડે કેમ વિગ્રહ થયો.

ઉ૦ બંગાળાનો નવાબ મીરજાફર દેવાદાર થઈ ગયો હતો. તેથી ઈંગરેજોને કબુલ કરેલું નાણું આપી શક્યો નહીં તે ઉપરથી તેમણે મીરજાફરના પૈસાદાર જમાઈ મીરકાશીમને ગાદી આપી. આ મીરકાશીમે કંપના ઈંગરેજ લોકોના વેપાર ઉપર હાંસલ ન હોવાથી પોતાનાં દેશીઓના વેપાર ઉપર હાંસલ કહાડી નાખ્યું તેથી કંપનીની ઉપજને ધકો લાગ્યો, તે ઉપરથી ઈંગરેજને તેના વચ્ચે ઘેરીઆ આગળ લડાઈ થઈ.

પ્ર૦ ઘેરીઆ, બકસર, અને કાલ્પીની લડાઈ કોના કોની વચ્ચે ને કઈ સાલમા થઈ?

ઉ૦ ઘેરીઆની લડાઈ ઈ૦ સ૦ ૧૭૬૩ માં ઈંગરેજ ને મીરકાશીમ વચ્ચે થઈ તેમાં ઈંગ્રેજ જીત્યા. બકસરની લડાઈ. સ૦ ૧૭૬૪માં અયોધ્યાના સુબા સુજાઉદ-દૌલાને મનરો વચ્ચે થઈ, તેમાં સુજાઉદ દૌલા હાર્યો. કાલ્પીની લડાઈ ઈ૦ સ૦ ૧૭૬૪ માં થઈ તેમાં ઈંગરેજોએ સુજાઉદદૌલાને તથા મરેઠાઓને હરાવ્યા

પ્ર૦ ત્રણે એકઠા થએલા રાજાઓનાં નામ શા ને તેઓ એકઠા થઈને ઈંગરેજ સાથે કઈ લડાઈ લડ્યા?

ઉ૦ મીરકાશીમ, સુજાઉદદૌલા અને શાહઆલમ એ ત્રણે પટણા આગળ ૧૭૬૪ માં ઈંગ્રેજ સાથે લડ્યા પણ તેમાં તેઓ હાર્યા.

પ્ર૦ કલાઈવે બીજી વાર ઈંગ્લાંડ જઈ આવ્યા પછી શા શા સુધારા કર્યા?

ઉ૦ તેણે સરકારી અમલદારોને વેપાર કરવાનો મના કરી ને લશ્કરી લોકોને બનતું ભથ્થુ મળતું હતું તે બંધ કર્યું આથી ફોજમાં બંડ ઉઠયું પણ કલાઈવે તે બાહાદુરીથી સમાવ્યું.

પ્ર૦ રેગ્યુલેટીંગ (નવી ગોઠવણના વહીવટ) શો હતો અને તે કઈ સાલમાં થયો?

ઉ૦ ૧૭૭૩ રેગ્યુલેટીંગ આક્ટ પસાર થયો તેમાં એવું ઠર્યું કે બંગાળાનો ગવરનર જનરલ કહેવાય અને મદ્રાસ અને મુંબઈના ગવરનરોનો ઉપરી થાય ગવરનર જનરલની સાથે કામ કરવાને એક કૌન્સીલ ઠરાવી, એ કાઉન્સીલના અને ગવરનર જનરલના અમલ પ્રમાણે હિંદુસ્તાનમાં કંપનીનું રાજ્ય ચાલે. કલકત્તામાં એક મુખ્ય ન્યાયાધીશ અને ત્રણ ઉપ ન્યાયાધીસોની સુપ્રીમ કોરટ સ્થાપી, પહેલ વેહેલો ગવરનર જનરલ વેરન હેસ્તીંગ્સ થયો તેને કૌન્સીલના મેંબરો સાથે બનતું નહોતું.

પ્ર૦ કાશીના બંડનું કારણ શુ. ?

ઉ૦ ૧૭૮૦માં કાશીના રાજા ચૈયતસીંગ જોડે કરાર કરતાં હેસ્તીંગ્સે પાંચ લાખ રૂપીઆ વધારે માગ્યા તે રાજાએ આપવાનું ના કહેવાથી હેસ્તીંગ્સે તેનો પચાશલાખ રૂપીઆ દંડ કર્યો તે દંડ વસુલ કરવાને તે પંડે કાશી ગયો, ને ચૈયતસીંગને કેદ કર્યો, આ જુલમથી કાશીની રૈયત કોપી ને ઇંગરેજી પેહેરેગીરોને મારી નાખી તે મણે રાજાને છોડવ્યો ૧૭૮૦ માં.

પ્ર૦ રાય દુર્લભ, બાનસેતર્ત. આનંદરાજ, નંદકુમાર, એ કોણ હતા?

ઉ૦ રાયદુર્લભ સુરાજ ઉદ્દૌલ્લાનો ખજાનચી પણ ઇંગરેજ તરફ ગયેલો, બાન્સીતાર્ત કલકત્તાનો ગવરનર.

આનંદરાજ ઉતર સરકારનો રાજા ફ્રેંચો પક્ષમાં નીકળી ઇંગરેજોને મળ્યો હતો,

નંદકુમાર હેસ્તીંગ્સની સામા ફરીયાદ કરનાર હતો. ને તેથી તેનુ મોત થયું હતું.

પ્ર૦ હેસ્તીંગસ કોણ ને તેણે શાં કામ કીધાં?

ઉ૦ પહેલો ગવરનર જનરલ હેસ્તીંગ્સ થયો તેણે કૌન્સીલ સાથે આ

બનાવ કરયો નંદકુમારને મારી નંખાવ્યો ને પઇસા કડાવવા માટે કાશીના ચઈતસીંગ તથા અયોધ્યાની બેગમો ઉપર જુલમ કર્યો હતો.

પ્ર૦ નીચેની સાલોમાં શી શી બીનાઓ બની? ૧૭૫૬, ૧૭૫૯, ૧૭૬૦ ૧૭૬૩, ૧૭૬૪, ૧૭૬૫, ૧૭૬૭ ૧૭૭૪.

ઉ૦ ૧૭૫૬માં અલીવર્દીખાંનું મરણ, ૧૭૫૯માં શાહાઆલમની બંગાળા ઉપર સ્વારી, ૧૭૬૦ માં પટણાની પેલી લડાઇ કલાઇવને ઉમરાવ પદવી મળી, મીરજાફરને ગાદી ઉપરથી ઉઠાડી મકગો અને મીરકાશીમનુ ગાદીએ બેસવુ ૧૭૬૩ માં ઘેરાયાની લડાઈ ૧૭૬૪ માં દેશી પલટણનો બળવો ૧૭૬૫ માં મીરજાફરનું મૃત્યું ૧૭૬૭માં કલાઇવનુ છેલી વખતે ઇંગ્લાંડ જવુ ૧૭૭૪માં રોહીલા જોડે યુધ થયુ.

પ્રકરણ ૧૫ મું

પ્ર૦ હૈદરઅલીની સક્ષેપમાં ઉત્પત્તી બતાવો?

ઉ૦ મૈસુરના રાજા નંદરાજની ફોજમા હૈદરઅલી એક ટુકડીનો નાયક હતો. ફોજમાં દાખલ થયાપછી તણે સાહસ, સુરવીરપણુ અને લશ્કરી મોટા ગુણો બતાવ્યા તેથી તે ફોજમાં મોટી પદવીએ ચડયો પાછળથી તણે પોતાના હાથ નીચે લુટારાઓનો જમાવ કરી મોટી ફોજ એકઠી કરી પોતાના રાજા ઉપર ચડાઇ કરી તેને ગાદીએથી ઉઠાડી મુકીને પોતે મૈસુરની ગાદીએ બેઠો ઇ૦ સ૦ ૧૭૬૧.

પ્ર૦ હૈદરઅલી જોડે ઇંગરેજોને કેઇ કેઇ મુખ્ય લડાઇઓ થઇ તેઓનાં સાલ સાથે નામ દર્શાવો.

ઉ૦ અંબુર ૧૭૬૭ માં કર્નેલસ્માથે હૈદરને હરાવ્યો. ત્રીનોમાલી ૧૭૬૭ માં કર્નલ સ્માથે હૈદરને હરાવ્યો ચંગામ ૧૭૬૭ માં ઇંગરેજે હૈદરને હરાવ્યો પોલીલોરની પેહેલી લડાઇ ૧૭૮૦ માં હૈદરે કર્નલ બેલીને હરાવ્યો, ૧૭૮૧ પોર્તોનોવાની લડાઇમાં પોલીલોરની [illegible]

લડાઈમાં અને પોલીગરની લડાઈમાં કર્નલ કુટે હૈદરને હરાવ્યો, ૧૭૮૧ માં ચીલાંબ્રમની લડાઈમાં હૈદરે કુટને હરાવ્યો ૧૭૮૨માં પનીઆની લડાઈમાં ઇંગરેજે હૈદરને હરાવ્યો.

પ્ર૦ કેઈ કેઈ લડાઈમાં હઈદર જીત્યો?

ઉ૦ પોલીગારની લડાઈમાં તેણે કરનલ બેલીને ઈ૦ સ૦ ૧૭૮૦ માં હરાવ્યો હતો ઈ૦ સ૦ ૧૭૮૧ માં ચીલાંબ્રમની લડાઈમાં તેણે સર-આયર કુટને હરાવ્યો,

પ્ર૦ હઈદરઅલીનાં છોકરા ટીપુ સાથે ઈંગરેજોને કેઈ કેઈ લડાઈઓ થઈને કઈ સાલમાં?

ઉ૦ ઈ૦ સ૦ ૧૭૯૧માં શીમોગામાં ઈંગરેજે ટીપુને હરાવ્યો, તેમજ અરીકેરામાં કાર્નવાલીસે ટીપુને હરાવ્યો.ને ઈ૦ સ૦ ૧૭૯૯માં સદાશીવની લડાઈમાં ટીપુ હાર્યો. ઈ૦ સ૦ ૧૭૯૯ માં માલવેલી અને શ્રીરંગપટણ આગળ ટીપુને ઇંગરેજે હરાવ્યો અને છેલ્લી લડાઈમાં એટલે શ્રીરંગપટણની લડાઈમાં તેનુ મોત થયું,

પ્ર૦ મ્હીસુર સાથે ચાર લડાઈઓ કઈ કઈ સાલમાં ને તેનો અંત કોણે આણ્યો.

ઉ૦ (૧)ઈ૦ સ૦ ૧૭૬૯માં મદ્રાસનુ તહનામુ કરી અંત આણ્યો, પછી ઈ સ૦ ૧૭૭૮માં શરૂ થઈ ને ઈ. સ૦ ૧૭૮૪માં મોગલનુ તહનામુ કરીને (૨) લડાઈનો અંત આણ્યો પછી ઈ૦ સ૦ ૧૭૯૧ માં (૩) વિગ્રહ થયો ઈ૦ સ૦ ૧૭૯૨માં કાર્નવાલીસથી હાર પામી રાજ્યનો હિસ્સો તથા દંડ આપી ઈ૦ સ૦ ૧૭૯૨માં (૪) લડાઈનો અંત આણ્યો પણ ઈ૦ સ૦ ૧૭૯૮માં અપમાન નસહેવાથી ચોથો વિગ્રહ થયો તે ઈ. સ. ૧૭૯૯ માં ટીપુ મુવાથી અંત આવ્યો

પ્ર૦ [illegible]ની લડાઈ કોની વચે થઈ અને તેનો શો પરીણામ થયો?

ઉ० ઈ० સ० ૧૭૭૨ માં ચેરકુલીની લડાઇ થઇ તેમાં માધવરાવ પેશ્વાએ હઇદરઅલીને હરાવ્યો.

પ્ર० મદ્રાસના તહનામાથી શું થયું?

ઉ० ઈ० સ० ૧૭૬૯મા મદ્રાસનુ તહનામુ થયુ તેનાથી લડાઇ થયા પેહેલાં બંને પક્ષવાળા જેવી સ્થીતીનાં હતા તેવીસ્થીતીમાં પાછા રહ્યા.

પ્ર० હઇદર કેઇ સાલમાં મરી ગયો?

ઉ० ઈ० સ० ૧૭૮૨ માં.

પ્ર० નીચેની સાલોમાં કઇ કઇ બીનાઓ બની? ૧૭૬૪, ૧૭૬૬, ૧૭૭૨ ૧૭૮૧, ૧૭૮૪.

ઉ० ૧૭૬૪માં હઇદરે બેડનુર લીધુ ૧૭૬૬ હઇદરઅલીએ કાલીકટ લીધુ ૧૭૭૨ માં કુર્ગ પ્રાંતમા કેર. ૧૭૮૧ માં ઇંગરેજ અને વલંદા વચ્ચે યુદ્ધ થયુ, ૧૭૮૪માં માંગલોરનુ તહનામુ.

પ્રકરણ ૧૬ મું.

પ્ર० હેસ્ટીંગ્સ કયારે વિલાયત ગયો, તેના પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ० તે ૧૭૮૫માં વિલાયત ગયો; અને તેના પછી લોર્ડ કારનવાલીસ ગવરનર જનરલ થયો.

પ્ર० પીટના બીલ વિશે તમે શું જાણો છો?

ઉ० પીટનામે ઇંગ્રેજી મુખ્ય પ્રધાન હતો તેણે એક કાયદો મંજુર કરાવ્યો તેથી ઇંગ્લાંડની કંપનીના ડાયરેકટરોમાંથી ત્રણ જણની તેમણે ગુપ્ત મંડળી નીમી ને તે મંડળી તેમના નામે કામ ચલાવે એ ત્રણને માથે ઇંગ્લાંડના રાજ્ય મંત્રી મંડળમાંથા છ મંત્રીઓની સભા બનાવી અને તેમના હુકમ પ્રમાણે કામ ચાલે એવું ઠરાવ્યુ એ છમાં જે પ્રમુખ ઠરે તેને ભરતખંડ ખાતાનો પ્રધાન [illegible]

લકતાના ગવરનરની કાંઊન્સિલમાંથી ચાર મેંબરોના ત્રણ થયા અને મુંબાઇ અને મદ્રાસના ગવરનરોને માટે કાંઊન્સિલ ઠરવી.

પ્ર૦ ફોકસનું બીલ શું હતું?

ઉ૦ ફોકસ નામે મુખ્ય વજીરે આમની સભામાં એક કાયદો મંજુર કરવાને ધારણા કરી, તેમા કંપનીનો વહિવટ તેના ડાયરેકટરો પાસેથી લઇને પારલામેંટે નીમેલા અમલદારને સોંપવો અને વેપાર ડાયરેકટરોને હાથ રાખવો. પણ આ કાયદો તેના રાજાને ઠીક લાગ્યો નહીં તેથી ના મંજુર થયો.

પ્ર૦ લાર્ડ કારનવાલીસ કયારે આવ્યો?

ઉ૦ ઇ૦ સ૦ ૧૭૮૬ માં આવ્યો.

પ્ર૦ લોર્ડકારનવાલીસે શા શા સુધારા કર્યા?

ઉ૦ તેણે આવી ઇંગરેજ [illegible] લોકોને માંહે માંહે કંકાસ કરતા, તથા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અટકાવ્યા. એ વખત નોકરોના પગાર ઓછા હતા અને વેપારમાં તથા બીજે આડે રસ્તે પૈસા મેળવવાનો પ્રસંગ વધારે હતો અને તેથી કોઇ કોઇ વાર [illegible] આવી અનીતી અટકાવવાને નોકરોના તેમના [illegible] પગાર વધાર્યા [illegible] અને તેઓને ચેતવણી આપી જો પ્રમાણે ન વરતે તો શિક્ષા કરવી.

પ્ર૦ ઊત્તરસરકારનો પ્રાંત ઇંગરેજોને કોના પાસેથી કેઉ સાલમાં મળ્યો?

ઉ૦ નીજામ સરકારે તેના ઉપર પ્રમાણે ઊત્તરસરકાર પ્રાંત ઇંગરેજોને ૧૭૮૮ આપ્યો.

પ્ર૦ અરીકેરની લડાઇ કોની કોની વચ્ચે અને કેઉ સાલમાં થઇ?

ઉ૦ ૧૭૯૨ મા અરીકેરાના લડાઇમાં લાર્ડ કારનવાલીસે ટીપુને હરાવ્યો.

પ્ર૦ કારનવાલીસ પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ લાર્ડ કારનવાલીસ પછી સર જાન શોર થયો ૧૭૯૩.

પ્ર૦ કર્દલાની લડાઇ ક્યારેને કોની કોની વચ્ચે થઇ?

ઉ૦ ૧૭૯૫ માં કર્દલા આગળ મરેઠાઓએ નીજામને હરાવ્યો.

પ્ર૦ સરજાનશોર પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ તેના પછી ૧૭૯૮ માં લોર્ડ મોર્નીંગ્ટન (માર્કવીસ વેલસ્લી થયો.)

પ્ર૦ વેલેસ્લીએ કઇ કઇ લડાઇઓ કરી?

ઉ૦ અસાઇ આગળ દોલતરાવ તથા રઘુજીને હરાવ્યા તથા આરગામ આગળ સિંધીઆને અને ભોસલાને હરાવ્યા છેલ્લા ઉતરમાં ઇ૦ સ૦ ૧૮૦૪ ભરતપુરનો ઘેરો ઇ૦ સ૦ ૧૭૯૩માં ઉધરાત વેરો ને વંશ પરંપરાના પટા બાંધી આપ્યા દિવાની તથા ફોજદારી કાયદા થયા સરજાન સોર આવ્યો કુર્દલાની લડાઇ થઇ

પ્ર૦ સર જાનસોરના વખતમાં કયા કયા રાજ્યોમાં ઉથલ પાથલ થઇ?

ઉ૦ કરણાટકનું રાજ્ય ઇંગ્રેજોએ ઇ૦સ૦ ૧૮૦૧ માં ખાલસા કર્યું. અયોધ્યામાં બંડ થવાથી ત્યાં રેસીડેન્ટ મેરીનુ ખુન થવાથી નવાબને કેદ કર્યો.

પ્ર૦ વેલેસ્લીના વખતમાં શું જાણવા લાયક બન્યું?

ઉ૦ મ્હેસુર જીત્યું ,અયોધ્યા ખાલસા કર્યું મરેઠા; સિંધીઆ, હોલકર, તથા ભોંસલાને તેમ ભરતપુરના રાજાને પણ નરમ પાડી કરાર કરાવી લીધા.

પ્ર૦ ઇંગરેજોને સુરત શી રીતે મળ્યું?

ઉ૦ ૧૮૦૦ ઇંગરેજે સુરતના નવાબને પેનસન આપી તેની પાસેથી તે શહેર અને તેનાં પ્રગણાં લઇ લીધાં.

પ્ર૦ લાર્ડલેક કઇ કઇ લડાઇઓ લડયો.

ઉ૦ ૧૮૦૩ માં તેણે દીલ્લી, આગ્રા, લાસ્વારી, અને અસાઈ આગળ સીંઆને હરાવ્યો, ૧૮૦૪ માં તેણે ફરૂકાબાદની લડાઇમાં હોલકરને હરાવ્યો.

પ્ર૦ સીંધીઆ સાથે ઈંગરેજોને જે લડાઈઓ થઈ તેમનાં સાલ સાથે નામ લખો?

ઉ૦ ઉપર કહેલી ચાર લડાઈઓ અને આરગામની લડાઈઓમાં પણ ૧૮૦૩ માં જનરલ વેલેરલીએ સીંધીઆને હરાવ્યો.

પ્ર૦ હોલકર સાથે ઇંગરેજોને કઈ કઈ લડાઈઓ થઈ તેનાં સાલ સાથે નામ લખો?

ઉ૦ ઉપર કહી તે ફરૂકાબાદની લડાઈમાં અને તેજ સાલમાં દીગ ગઢની લડાઈ થઈ તેમાં ફ્રેજરે હોલકરને હરાવ્યો. ૧૮૦૪.

પ્ર૦ સીરજીઅંજે ગામમાં શી સંધી થઈ?

ઉ૦ સીરજીઅંજે ગામમાં સીંધીઆ સાથે ૧૮૦૩માં સંધી થઈ તેમાં તેણે ઈંગરેજોને ગંગા અને જમનાની વચેનો મુલક, જેપુર, જોધપુર, ગોહદની ઉતરનો મુલક, અહમદનગર, ભરૂચ, અને ગાંધાટ તથા ગોદાવરીની વચેનો પ્રાંત આપ્યો.

પ્ર૦ લાર્ડવેલેરલી કયારે વિલાયત ગયો?

ઉ૦ ઈ૦ સ૦ ૧૮૦૫ માં

પ્ર૦ નીચેની સાલોમાં શી મુખ્ય બીનાઓ બની ૧૭૮૫, ૧૭૮૮, ૧૭૯૧ ૧૭૯૩, ૧૭૯૮, ૧૭૯૯, ૧૮૦૦, ૧૮૦૨, ૧૮૦૩, ૧૮૦૪, ૧૮૦૫?

ઉ૦ ૧૭૮૫માં હેસ્તીંગ્સ વિલાયત પાછો ગયો, ૧૭૮૮ માં ઉત્તર સરકાર પ્રાંત ઇંગરેજોને નીજામ પાસેથી મળ્યો. ૧૭૯૧ માં અર્રીકેરાની લડાઈ થઈ, ૧૭૯૩ માં સરજાનશોર ગવરનર જનરલ થયો, અને મી૦ ચેરીનુ ખુન, ૧૭૯૮માં લાર્ડમોરનીંગ્ટન ગવરનર જનરલ થયો, ૧૭૯૯ માં સદાશીવ, માલવેલી અને શ્રીરંગપટણની લડાઈયો તથા ટીપુનુ મોત ૧૮૦૦માં ઈંગરેજોએ સુરત લીધુ, ૧૮૦૨ માં બસાઈનુ તહનામુ, ૧૮૦૩માં અસાઈ, દીલ્હી, લાસ્વારી, અને આર

ગામની લડાઇઓ થઇ તથા દેવગામ, સીરજીઅંજે ગામની સલાહ ૧૮૦૪ માં દીગ અને ફરૂકાબાદની લડાઇઓ થઈ.૧૮૦૫ માં લાર્ડ વેલેસલી વિલાયત પાછો ગયો.

પ્રકરણ ૧૭ મું.

પ્ર૦ લર્ડ વેલેસ્લી ક્યારે વિલાયત ગયો ને તેના પછી કોણ આવ્યુ?

ઉ૦ લાર્ડ વેલેસ્લી ૧૮૦૫ માં વિલાયત ગયો તેના પછી કારનવાલીસ બીજીવાર ગવરનર જનરલ થઇને આવ્યો.

પ્ર૦ વેલોરના બંડ વિશે તમે શું જાણો છો?

ઉ૦ ૧૮૦૬ માં મદ્રાસ ઇલાકામાં વેલોરની છાવણીમાં ઇંગ્રેજની દેશી ફોજે બળવો કરયો અને વેલોરમાં ટીપુના છોકરાને કેદ કરાવ્યા હના એ કુંવરોનુ એ કામમાં ઉતેજન હતુ,શીપાઇઓએ ૧૧૩ ઇંગરેજોને કતલ કરયા પણ થોડીવારમાં કરનલગીલેસપી આવી પોહોચ્યો ને તેણે બંડ સમાવ્યું.

પ્ર૦ કારનવાલીસ પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ સરજાનબારલો ૧૮૦૫.

પ્ર૦ બારલો પછી કોણ આવ્યો?

ઉ૦ લોર્ડ મીન્ટો ૧૮૦૭ માં ગવરનર જનરલ થયો.

પ્ર૦ રણજીતસીંહ જોડે શા શા કરારો થયા?

ઉ૦ પંજાબનો જોરાવર રાજા રણજીતસીંહ હતો, ગવરનર જનરલ લાર્ડ મીન્ટોએ તેના દરબારમાં વકીલો મોકલી કરાર કરાવી લીધા કે સતલજના ઇંગ્રેજી રાજ્ય ભણીના કાંઠા ઉપરના તાલુકદારોને લેશ પણ ગભરાવવા નહી.

પ્ર૦ સીંધ, કાબુલ અને ઇરાન જોડે શાં તહનામાં થયાં?

ઉ० સીંધ, કાબુલ અને ઇરાનના અધીપતીઓ જોડે દોસ્તી કરી ગવરનર જનરલે કબુલાત લીધી કે તેમના મુલકમાં ઈંગરેજના દુસ્મનની ફોજને પેસવા દેવી નહી.

પ્ર० ४० સ० ૧૮૧૩ માં શું થયું?

ઉ० લોર્ડ મીન્ટો સ્વદેશ ગયો. કંપનીને ચીન સાથે વેપાર કરવાને સનંદ મળી. ખ્રિસ્તી ધર્મના બિશપોની હિંદુસ્તાનમાં નીમણુક થઇ.

પ્ર० હેસ્તીંગ્સના વખતમાં શા બનાવો બન્યા?

ઉ० નેપાળનુ યુદ્ધ ને આફગ્ગનીસ્તાનના બાહાદુરોને પછી સીંધી પીંઢારાને વશ કર્યા પેશ્વાનું રાજ્ય ખાલસા કરી બાજીરાવને બીઠુરમાં મોકલ્યો; નાગપુરને ખાલસા કરી ભોંસલાના રાજનો અંત, પામરની કંપનીને આશરો આપ્યો, સિંધીઆ અને હોલકરને વશ કરયા.

પ્ર० લાર્ડ મીન્ટો પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ० ૧૮૧૩ માં લર્ડ મીન્ટો વિલાયત ગયો અને ૧૮૧૪ માં લાર્ડ હેસ્તીંગ્સ ગવરનર જનરલ થયો.

પ્રી० પીંઢારા કોણ હતા?

ઉ० મધ્ય હિંદુસ્તાનમાં પીંઢારાઓના હજારો લુટારાઓનાં ટોળાં ફરતાં હતાં તેઓને મરેઠા રાજાઓનો આશ્રય હતો દસરા પછી નીકળી ઉતર દક્ષિણ પશ્ચિમ અને પુર્વમાં ફેલાઈ હજારો ગામો અને કસ્બા લુંટતા ને લોકોને પીડતા. દાટેલું ધન મનાવવાને મરચાં તથા ઉની રાખના તોબરા મોહોડે બાંધીને મારતા અને તેમના નાયક કરીમખાન અને ચીતુ હતા.

પ્ર० ગુરખા સાથે ઈંગરેજોને કઇ કઇ લડાઇઓ થઇ તેનાં સાલ સાથે નામ લખો?

ઉ० ૧૮૧૫ માં મલુનની લડાઇ થઇ તેમાં ઈંગરેજે ગુરખાને હરાવ્યા.

અને ૧૮૧૬ માં મકવાનપુર અને હરિહરપુરની લડાઇ થઇ તેમાં પણ ઇંગરેજે ગુરખાને હરાવ્યા.

પ્ર૦ દેવગામની સંધી વિશે તમે શું જાણો છો?

ઉ૦ ભોંસલાએ દેવગામના મુકામે કટક, બાલાસુર વર્ધા નદીનો પશ્ચિમ કાંઠાનો તથા બીજો કેટલોક મુલક ઇંગરેજોને આપવો એવી સંધી કરી તથા તેના પાડોશીની જોડે વાંધો પડે ત્યારે ઇંગરેજ સરકાર પંચ થઇને જે ઠરાવે તે કબુલ કરવું અને ઇંગરેજના પરદેશી શત્રુઓમાંના કોઇને નોકરીમાં રાખવા નહીં એવી બોલીએ સંધી કરી.

પ્ર૦ ભરતખંડમાં વર્તમાન પત્ર કયા ગવરનર જનરલના વખતમાં પહેલ વહેલું નીકળ્યું?

ઉ૦ લોર્ડ હેસ્તીંગ્સના વખતમાં.

પ્ર૦ લોર્ડ હેસ્તીંગ્સ ક્યારે વિલાયત ગયો?

ઉ૦ ઇ૦ ૧૮૨૩ માં.

પ્ર૦ ખડકી, કોરેગામ આસ્ટે, માહીદપુર, નાગપુર, અને જબલપુરની લડાઇઓ કોની કોની વચ્ચે થઇ?

ઉ૦ ખડકીની ૧૮૧૭ માં ઇંગરેજ ને પેશ્વા વચ્ચે થઇ તેમાં પેશ્વા હાર્યો, કોરેગામની લડાઇ ૧૮૧૭ માં થઇ તેમાં ઇંગરેજે મરેઠાને હરાવ્યા આસ્ટેની લડાઇ ૧૮૧૮ માં ઇંગરેજ અને ગોખલે વચ્ચે થઇ તેમાં ગોખલે હારયો, મહીદપુરની લડાઇ ૧૮૧૭માં થઇ તેમાં સર હીસલો તથા સર માલકમે હોલકરને હરાવ્યો, નાગપુરની તથા જબલપુરની લડાઇઓ ૧૮૧૭માં થઇ તેમાં ઇંગરેજે મરેઠાને હરાવ્યા.

પ્ર૦ નીચેની સાલોમાં કઇ કઇ મુખ્ય બીનાઓ બની? ૧૮૦૬, ૧૮[illegible] ૧૮૧૩, ૧૮૧૪, ૧૮૧૬, ૧૮૧૭ અને ૧૮૧૮.

ઉ૦ ૧૮૦૬ માં વેલોરમાં બંડ થયુ, ૧૮૦૯માં રણજીતસીંહ જોડે કરાર અને સીંધુ, ઇરાન અને કાબુલનાં તહનામાં, ૧૮૧૩ માં ઇસ્ટ ઇંડીઆ કંપનીને સ્વતંત્રપણે ચીનના વેપારના ઇજારાની સનંદ મળી અને કલકત્તામાં બિશપની નીમણુક, ૧૮૧૪ માં નેપાળ જોડે યુદ્ધ તથા ૧૮૧૬ ગુરખા જોડે સંધી, ગંગાધર શાસ્ત્રીનુ ખુન. ૧૮૧૭માં ખડકી, કોરેગામ અને માહીદપુરની લડાઇઓ તથા પીંઢારા લોકોનો અંત, ૧૮૧૮ માં પેશ્વાનો અંત અને આસ્ટેની લડાઇ અને બાજીરાવ પેશ્વાને ગાદી ઉપરથી ઉઠાડી મુકી બીઠુરમાં રહેવા મોકલ્યો.

પ્રકરણ ૧૮ મું

પ્ર૦ હિંદુસ્તાનમાં કેળવણી ખાતુ સરકાર તરફથી પ્રથમ કયા ગવરનર જનરલના વખતમાં સ્થપાયુ?

ઉ૦ લોર્ડ હેસ્તીંગ્સના વખતમાં.

પ્ર૦ લાર્ડ હેસ્તીંગ્સ પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ ૧૮૨૩ માં લાર્ડ આમહર્સ્ટ થયો.

પ્ર૦ બ્રહ્મા લોક સાથે લડાઇનું કારણ શું?

ઉ૦ ૧૮૨૩માં બ્રહ્મી રાજાએ ઇંગ્રેજના તાબાના એક બેટને કબજે કર્યો અને વળી ઇંગરેજના મિત્ર કાચારના રાજાના મુલક ઉપર સ્વારી કરી જનરલ કેમ્પબેલે બ્રહ્મી લોકોને હરાવી તેમના રાજાને સલાહ કરાવવાની જરૂર પાડી.

પ્ર૦ બ્રહ્મી લોક સાથે ઇંગરેજોને કેઇ કેઇ લડાઇઓ થઇ?

ઉ૦ ઇ૦ સ૦ ૧૮૨૪ માં રંગુનની લડાઇ થઇ તેમાં ઇંગરેજે બ્રહ્મીઓ હરાવ્યા. ઇ૦ સ૦ ૧૮૨૫ માં પ્રોમની લડાઇ થઇ તેમાં સર

આર્કી નાલ્ડ કેમ્પબેલે બ્રહ્મીઓને હરાવ્યા. ત્યાર પછી બીજી વાર ૫છો બ્રહ્મ લોકો સાથે વીગ્રહ થયો; તેમાં ઇ૦ સ૦ ૧૮૫૨ માં રંગુનની લડાઇ થઇ, તેમાં ઈંગરેજે બ્રહ્મીઓને હરાવ્યા. અને તેજ સાલમાં પેગુની લડાઇ થઇ તેમાં પાછુ ઇંગરેજોએ બ્રહ્મીઓનેહરાવ્યા

પ્ર૦ બ્રહ્મદેશનારાજા સાથે પહેલા વિગ્રહના અંતે શી સંધી થઇ?

ઉ૦ તેણે ઇંગ્રેજોને કરોડ રૂપીઆ આપ્યા અને તેની સાથે આશામ, આરાકાન, અને ટેનાસરીમ પ્રાંતો આપ્યા.

પ્ર૦ બરાકપુરના બંડનું વર્ણન લખો?

ઉ૦ બ્રહ્મદેશમાં પહેલે વરશે ફોજ મોકલી તેને હવા પાણીની હરકતો નડવાથી ઘણાક રોગથી મરી ગયા તથા બ્રહ્મી લોકોને જાદુ આવડે છે તેથી તેઓ અજીત છે અને તેમના દુશ્મનો મરી જાય છે, એવી અફવા ઉડવાથી દેશી સીપાઇનાં મન ડરી ગયાં, બરાકપુરના દેશી સીપાઇઓને બ્રહ્મદેશની લડાઇમાં જવાને હુકમ થવાથી તેઓ દીલગીર થયા અને તેમાંથી સુડતાળીસમી પલટણે તો હુકમ માનવાની સાફ ના કહી તે માટે તેમના ઉપર ઇંગરેજોએ તોપો ચલાવી તેથી કેટલાક મરી ગયા અને કેટલાકને બરતરફ કરયા. ઇ૦ સ૦ ૧૮૨૯.

પ્ર૦ લાર્ડ વીલીયમ બેન્ટીકના વખતમાં શા સુધારાને પ્રખ્યાત કામોથયાં?

ઉ૦ લાર્ડવીલીયમ બેંટીકના સુધારાની બાબતમાં ઇંગ્લાંડનો માર્ગ બદલાયો, રાજા લોકો તોફાન કરે તો તેને શિક્ષા કરવાનો ધારો નીકળ્યો ફિરોજપુરના નવાબને ફાંસીએ દીધો. ઇ૦ સ૦ ૧૮૩૪ માં ઇસ્ટ ઇંડીઆકંપનીને નવી સનંદ મળી તેણે લશ્કરી અને મુલકી ખરચમાં ઘટાડો કર્યો.

દેશીઓને મોટી નોકરી આપવાનો ધારો કરયો અને આ [illegible]

માં મુનસફ સદર અમીનો વીગેરે ઠરાવ્યા, અદાલતોમાં ફારસીમાં કામ ચાલતુ તે બંધ કરી અદાલતના ગામની દેશી બોલીમાં કામ ચલાવવાનો કાયદો કર્યો. સતી થવાનો ચાલ બંધ કર્યો. ઠગ લોકો (ફાંસીઆ) નો નાશ કરયો, અને કેળવણી ખાતામાં ઇંગરેજી બોલી દાખલ કરી, એના વખતમાં હિંદુસ્તાનમાં પેહેલ વહેલી આગબોટો આવી.

પ્ર૦ છાપખાનાંને છુટ આપવાનો કાયદો કોણે કરયો?

ઉ૦ લોર્ડ વુલીયમ બેન્ટીક પછી કામ ચલાઉ થયેલા (આકટીગ) મેટકાફે

પ્ર૦ બેન્ટીક પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ લોર્ડ આકલાંડ ૧૮૩૬ થી ૧૮૪૨ સુધી.

પ્ર૦ લોર્ડ આકલાંડના વખતમાં શી શી બીનાઓ બની?

ઉ૦ અફગાનીસ્તાન સાથે વીગ્રહ ૧૮૪૧ અને ચીન સાથે યુદ્ધ ૧૮૪૨.

પ્ર૦ ચીન સાથે વિગ્રહ થવાનુ કારણ શું?

ઉ૦ હિંદુસ્તાનમાંથી પુષ્કળ અફીણ ચીનમાં જતું તેના વ્યસનથી લોકોમાં ખરાબી પેઠી હતી. માટે અફિણ દેશમાં આવતું અટકાવવાને ચીનના રાજાએ ઉપાય કરયો. પણ અફીણ દેશમાં છાનું માનું આવવા લાગ્યું તે ચોર પકડવાના કામમાં ચીનના અમલદારોએ ઇંગરેજી પ્રજાને ઘણી પીડા કરી તેથી આકલાંડે ગફ સાહેબને મોકલી ચીનાઓને હરાવ્યા, અને સલાહ કરવાની જરૂર પાડી.

પ્ર૦ ચીનની સલાહમાં શા શા કોલ કરાર થયા?

ઉ૦ ઇંગરેજને હાંગકાંગ બેટ આપ્યો તથા ચીનનાં ચાર બંદરોમાં વેપાર કરવાની રજા આપી.

પ્ર૦ આ નીચેની સાલોમાં શી શી મુખ્ય બીનાઓ બની? ૧૮૨૬, ૧૮૨૯, ૧૮૩૬, ૧૮૪૧, ૧૮૪૨.

ઉ૦ ૧૮૨૬ માં ભરતપૂરમાં બંડ, ૧૮૨૮ માં ઈંગરેજોએ કુર્ગ પ્રાંત જી તી લીધો, સતી થવાનો ચાલ બંધ કરયો અને ફાંસીઆ લોકોનો નાશ કરયો, ૧૮૩૯ માં ઈંગરેજોએ ગીજની જીત્યું, કાબુલ કબજે કરયું. ૧૮૪૧માં કાબુલમાં ખીલજીઓનુ હુલડ અને સર વુલીઅમ મેકનાટનુ ખુન, ૧૮૪૨ માં ચીન જોડે યુદ્ધ અને ચીન સાથે સંધી થઇ.

પ્રકરણ ૧૯ મું.

પ્ર૦ આકલાંડ પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ આકલાંડ પછી લાર્ડ એલેનબરો ૧૮૪૨ માં થયો.

પ્ર૦ અફગાન સાથે કેઇ કેઈ લડાઇઓ થઇ?

ઉ૦ ૧૮૪૦ માં પરવાનની લડાઇ થઇ તેમાં ઇંગરેજે દોસ્ત મહમદને હરાવ્યો, ૧૮૪૨માં કંદહારની લડાઇ થઇ તેમાં જનરલ નાટે અફગાનોને હરાવ્યા.

પ્ર૦ સીંધ સાથે વીગ્રહ થવાનુ કારણ શું?

ઉ૦ સીંધના અમીરોએ અફગાનીસ્તાનની લડાઇમાં ઈંગરેજી ફોજને ઘણી હરકત કરી હતી તેથી અંગરેજોએ સીંધ ઉપર સ્વારી કરી.

પ્ર૦ સીંધના અમીરો સાથે કેઇ લડાઇઓ થઇ?

ઉ૦ ૧૮૪૩ માં મીઆનીની લડાઇ થઇ તેમાં સરચાલસ નેપીઅરે સીંધના અમીરોને હરાવ્યા. અને ૧૮૪૩ પછીહૈદરાબાદની લડાઇ થઇ તેમાં પણ નેપીઅરે અમીરોને હરાવ્યા.

પ્ર૦ ઈંગરેજોને સીંધ દેશ શી રીતે મળ્યો?

ઉ૦ ત્યાંના અમીરોને હરાવી ગાદી ઉપરથી ઉઠાડી મુકીને ૧૮૪૩ માં સીંધદેશને ઈંગરેજી રાજ સાથે મેળવી દીધો.

પ્ર૦ માહારાજપુરની લડાઇ કોની કોની વચે થઇ ને તેનું કારણ શું?

ઉ૦ જંકોજી સીંધીઆના મરણ પછી એક નાના દત્ત પુત્રને ગાદી આપી તેની વતી કારભાર ચલાવાને રાણી બાઇજા બાઇ અને મામાસાહેબ વચે વાંધો ઉઠયો ઇંગરેજે મામાસાહેબનો પક્ષ સ્વીકાર્યો તેથી મરાસ સામા થયા ને લડાઇ થઇ તેમાં માહારાજપુર આગળ ૧૮૪૩ માં લાર્ડ ગાફે સાંધીઆને હરાવ્યો.

પ્ર૦ પનીયારની લડાઇ કોની કોની વચે થઇ?

ઉ૦ એ લડાઇમાં ગ્રે સરદારે સીંધીઆને હરાવ્યો. ૧૮૪૩ માં.

પ્ર૦ લાર્ડ એલંબરો પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ ૧૮૪૪ માં લાર્ડ એલંબરો પછી લર્ડ હાર્ડીંગ થયો.

પ્ર૦ શીખ લોક સાથે લડાઇનું કારણ લખો?

ઉ૦ પંજાબના રાજા રણજીતસીંહની કેડે બે ત્રણ રાજા થઇ ગયા ત્યાર પછી તેની માનીતી રાણી ચંદાકુંવરના પુત્ર દુલીપસીંગને ગાદી મળી રાજા બાળક હતો તેથી ઉમરાવોની સભા રાજ્યનો કારભાર કરતી; શીખ લશ્કર કવાયત પામેલું હતું તેથી તેને ચેન પડતું નહોતું. તેથી ઊમરાવોને તે લશ્કરનો ડર લાગવાથી ઇંગરેજના મુલક ઉપર સ્વારી કરવાને મોકલ્યું આ મનસુબો જાણીને હાર્ડીંગે પંજાબની સીમા ઉપર ફોજ એકઠી કરી આથી શીખલોકોને લડવાનું કારણ જડયું.

પ્ર૦ ઇંગરેજોને શીખ લોક સાથે કઇ કઇ લડાઇઓ થઇ?

ઉ૦ ૧૮૪૫ માં મુડકીની લડાઇ થઇ તેમાં ગફ સાહેબે શીખ લોકોને હરાવ્યા. ૧૮૪૫ માં ફીરોજ શેહેરની લડાઇ થઇ તેમાં ઇંગરેજોએ શીખ લોકોને હરાવ્યા; ૧૮૪૬ મા બદીવાલની લડાઇ થઇ તેમાં ઇંગરેજે શીખ લોકોને હરાવ્યા; ૧૮૪૬ માં અલીવારની લડાઇ થઇ તેમાં સ્મીથે શીખ લોકોને હરાવ્યા; ૧૮૪૬માં સોબ્રાનની લડાઇ

થઇતેમાં સરહ્યુગાફે અને હેનરી સ્મીથે તેજસીંગ તથા લાલસીંગ સરદારોને હરાવ્યા ૧૮૪૮ માં રામનગરની લડાઇ થઇ તેમાં ગાફ સાહેબે શેરશીંગ તથા ચતુરસીંગને હરાવ્યા, ૧૮૪૯ માં ચીલીઆનવાલાની લડાઇ થઇ તેમાં ગાફસરદારે શેરસીંગને હરાવ્યો, ૧૮૪૯ માં ફીનીરીની લડાઇ થઇ તથા સદુસેનની લડાઇ થઇ તેમાં ઇંગરેજે શીખ લોકોને હરાવ્યા. ૧૮૪૯ માં ગુજરાતની લડાઇ થઇ તેમાં ગાફ સરદારે શીખ લોકોને હરાવ્યા.

પ્ર૦ શીખ લોક સાથે શી સંધી થઇ?

ઉ૦ સતલજ અને બીઆસ નદીની વચેનો પ્રાંત અને લડાઇનો ખરચ ઇંગ્રેજોને આપવો. પંજાબની ગાદીએ દુલીપસીંહ રહીને ઉમર લાયક થાય ત્યાં સુધી ઉમરાવોની સભા કામ ચલાવે તે સભા બ્રીટીશ રેસીડેંટની આગ્ના પ્રમાણે ચાલે અને રાજ્ય રક્ષણને માટે લાહોરમાં ઇંગરેજી ફોજ રહે.

પ્ર૦ કાશ્મીર પ્રાંત ઇંગરેજોને શીખ લોકોએ આપ્યો હતો તેનું તેમણે શું કરયું?

ઉ૦ એક કરોડ રૂપીઆએ ગુલાબસીંગને વેચાતો આપ્યો.

પ્ર૦ હારડીંગના વખતમાં કયા કયા સુધારા થયા?

ઉ૦ ફાંસીઆ ઠગ ને સતી થવાનો ચાલ કંઇ કંઇ ચાલતો હતો તે બંધ કરયો, દુધપાતી કરી છોડીઓ મારવાનો તથા ઓઢીઆમાં ને ગાંડવામાં નરમેધ કરવાના ચાલ હતા તે બંધ કરાવ્યા ને સાહદારીનું હાંસલ બંધ કરવાને નાકાં ઉઠાડી મુકયાં, ને વેપારને ઉત્તેજન આપ્યું, મુલકી શીલ્પશાળાને મદદ કરી. તાજ મેહેલ વીગરે જુની કારીગરી કાયમ રાખવા રીપેર કરવા.

પ્ર૦ હાર્ડીંગ પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ હાર્ડીંગ પછી ૧૮૪૮ માં લાર્ડ ડેલાઉજી આવ્યો.

પ્ર૦ લાર્ડ ડેલાઉજીના વખતમાં શા મુખ્ય બનાવ બન્યા?

ઉ૦ શીખ અને બ્રહ્મી લોકો સાથે બીજીવાર યુદ્ધ અયોધ્યા અને નાગપુર ખાલસા કરી ઇંગરેજી રાજ્ય સાથે બેળવી દીધાં રેલવે અને તાર એના વખતમાં થયાં.

પ્ર૦ શીખ લોક સાથે બીજીવાર વીગ્રહનું કારણ શું?

ઉ૦ લાહોરના સરદાર મુળરાજે રાજીનામુ આપ્યું તેની જગાએ બીજો આવ્યો કે તરતજ મુલતાનની ફોજે બંડ કર્યું અને થોડા ઇંગરેજોને કતલ કર્યા; મુળરાજે મરનારને ઇનામ આપી લડાઇની તઇયારી કરી એટલે બધા શીખ લોકો તેને જઇ મળ્યા અને લડાઇ થઇ.

પ્ર૦ પંજાબ ઇંગરેજોને શી રીતે મળ્યું?

ઉ૦ ત્યાંના રાજા દુપલીસીગને પેનશન આપી પંજાબને ખાલસા કરી ઇંગરેજી રાજ્ય સાથે મેળવી દીધું.

પ્ર૦ બ્રહ્મ દેશની બીજી લડાઇનુ કારણ શું?

ઉ૦ આવાનો ગવરનર ઇંગરેજી રૈયતને પીડતો હતો તેથી ઇંગરેજી લશ્કરે તેના ઉપર સ્વારી કરી, અને તેને સંધી કરવાની જરૂર પાડી.

પ્ર૦ તેની સાથે શી સરતો થઇ?

ઉ૦ જુની સંધી. કાયમ રાખી તેની સાથે પેગુ પ્રાંત ઇંગરેજોને વધારે આપ્યો?

પ્ર૦ નાગપુર અને અયોધ્યા ઇંગરેજોને શી રીત મળ્યુ?

ઉ૦ નાગપુરનો રાજા અપુત્ર મુઓ તેથી તેનું રાજ્ય ખાલસા કરી ઇંગરેજી રાજ્ય સાથે ભેળી દીધું. ૧૮૫૩ માં અને અયોધ્યાના નાબાબ રાજાને પકડીને જેમ મહ્હારાવને મદ્રાશ લઇ ગયા તેમ તેને કલકતે લઇ ગયા, અને તેનું રાજ્ય ખાલસા કરી ઇંગરેજી સર્ક

જ્ય સાથે ૧૮૫૬ માં ભેળવી દીધું.

પ્ર૦ લાર્ડ ડલહુસીના વખતમાં સુધારા ક્યા થયા?

ઉ૦ ઇ૦ સ૦ ૧૮૫૩ માં કંપનીને કેટલાક ફેરફાર કરી નવો પટો આપ્યો સિવિલ સર્વીસમાં દાખલ થવાને પરીક્ષા કરાવી. બંગાળામાં લેફ્ટેનંટ ગવરનર ઠરયો, કલકત્તા, મુંબાઇ, મદ્રાસમાં સદર અદાલત સુપ્રીમ કોર્ટો હતી તે ભેળવી નાંખી હાઇકોર્ટો બનાવી. રેલવેને તાર ચાલુ થયા. કેળવણીમાં વધારો કરયો. સડકો તથા પુલ તથા બરાકો બાંધવાને કરજે નાણું લીધાં. ગુન્હો મનાવવા માર મારતા તથા બીજો જુલમ કરતા તથા વેઠ કરાવવાના ચાલની મના કરી.

પ્ર૦ લાર્ડ ડેલાજી ક્યારે વિલાયત ગયો?

ઉ૦ ૧૮૫૬ માં પાછો ગયો.

પ્ર૦ નીચેની સાલોમાં શી શી મુખ્ય બીનાઓ બની? ૧૮૪૩, ૧૮૪૪, ૧૮૪૫, ૧૮૪૮, ૧૮૪૯, ૧૮૫૩, ૧૮૫૬ માં.

ઉ૦ ૧૮૪૩ માં ગ્વાલીયરનુ તોફાન, અને સીંધ દેશને ઇંગરેજી રાજ્ય સાથે જોડી દીધો.

૧૮૪૪ માં લોર્ડ એલનબરોને બરતરફ કરયો.

૧૮૪૫ માં મુડકી અને ફીરોજ શેહેરની લડાઇઓ થઇ.

૧૮૪૮ માં પંજાબમાં હુલડ.

૧૮૪૯ માં પંજાબને ઇંગરેજી રાજ્ય સાથે જોડી દીધો.

૧૮૫૩ માં બ્રહ્મ દેશની સંધા અને નાગપુર ઇંગરેજી રાજ્ય જોડે જોડી દીધું

૧૮૫૬ માં અયોધ્યાને ઇંગરેજી રાજ સાથે જોડી દીધું.

પ્રકરણ ૨૦ મું

પ્ર૦ લોર્ડ ડેલહાઉસી પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ ૧૮૫૬ માં લોર્ડ કેનીંગ આવ્યો,

પ્ર૦ લોર્ડ કેનીંગના વખતમાં શા શા બનાવ બન્યા?

ઉ૦ ચાર મોહોટા બનાવ બન્યા?

(૧] ઇરાન સાથે વીગ્રહ.. ૧૮૫૭

(૨) ચીન સાથે વીગ્રહ ૧૮૫૭.

(૩) દેશી ફોજનો બળવો. ઇ૦ સ૦ ૧૮૫૭.

(૪] કંપની પાસેથી રાજ લઇ પારલામેંટે મહારાણી વિકટોરીઆને આપ્યું

પ્ર૦ ઇરાન જોડે વીગ્રહનુ કારણ શું?

ઉ૦ ઇ. સ ૧૮૫૭ માં હેરાત જીતવામાં ઇંગરેજોએ ઇરાની શાહને ખાળ્યો હતો તે વેર રાખીને ઇંગરેજોનુ અપમાન કરતો અને વિરોધ વધારતો તેથી ગવરનર જનરલે ઔટ્રામ સાહેબને ત્યાં લશ્કર લઇને મોકલ્યો અને તેણે ઇરાનના શાહને હરાવ્યો તેથી શાહને માફી માગવી પડી.

પ્ર૦ પારીસની સંધીના શા કોલકરાર થયા?

ઉ૦ પારીસની સંધી ઇરાની શાહ અને ઇંગરેજ વચ્ચે થઇ તેમાં શાહે હેરાત અને અફ્ગાનીસ્તાન ઉપર દાવો કરવો નહી એવી કબુલાત આપી ઇ૦ સ૦ ૧૮૫૭.

પ્ર૦ ચીનના વીગ્રહનુ કારણ અને પરીણામ લખો?

ઉ૦ ઇંગરેજને માઠુ લાગે એવુ ચીની સરકારે કરયું હતુ માટે ઇંગ્લાંડથી લોર્ડ એલજીનની સરદારી હેઠળ ફોજ ચીન ઉપર ચડી અને ચીનાઓને હરાવ્યા, ઇંગરેજને વેપાર કરવાની છુટ આપી ને ચી-

નના રાજાએ સલાહ કરી.

પ્ર૦ ૧૮૫૭ ના બળવાનાં મુળ કારણો શાં?

ઉ૦ સન ૧૮૫૬ માં સરકારે એવો કાયદો કર્યો કે જયાં નોકરી કરવા શીપાઈઓને મોકલે ત્યાં શીપાઈઓએ જવું એવી સરતથી શીપાઈઓને નોકર રાખવા. આથી દેશી શીપાઈઓ ના ખુશી થયા. (૨) વાંઉઆ દેશી રાજાઓ તથા બીજા દુરાચારી રાજાનાં રાજ ખાલશા કરી લઈ ઈંગરેજ સાથે ભેળવી દીધાં.

(૩) એવી ગપ ઉઠી કે બધાને સરકાર ખ્રીસ્તી કરવા ઈચ્છે છે અને મુખ્ય કારણ એ કે ફીલ્ડ નામની બંદુકમાં કાર્ટીઝ દાંતે પકડવી પડે છે સીપાઈઓમાં એવી ગપ ચાલી કે એ કાર્ટીજને ગાયની ચરબી ચોપડી છે અને સરકાર બધાને વટાળવાનું ધારે છે. એ વાત ખરી માનીને બંગાળાની દેશી પલટણના સીપાઈઓ સામા થયા એ પ્રમાણે પહેલેથી સંતલસ કરી રાખ્યાથી દિલ્લી, કાનપુર અને લખનોર વીગેરે ઠેકાણે બંડ ઉઠયાં અને તેમાં ઘણા ઈંગરેજો, મડમો અને બચાંનાં ખુન થયાં સરહ્યુરોજ અને હેવ લૉક વિગેરે બહાદુર સરદારોએ પોતાની બહાદુરીથી બળવો સમાવ્યો આ બળવામાં નાનાસાહેબ, તાતીઆ ટોપી, દીલીનો પાદશાહ, અયોધ્યાની બેગમ, અને ઝાંસીની રાણી વીગેરે આગેવાન હતાં.

પ્ર૦ આ બળવા પછી કંપની પાસેથી રાણીના હાથમાં રાજ ગયું, ત્યારે સરકાર તરફથી જાહેરનામુ થયું હતું; તેનો સારાંશ કહો?

ઉ૦ (૧) અત્યાર સુધી ભરતખંડમાં અમારી વતી ઈસ્ટ ઈંડીઆ કંપનીએ રાજકારભાર ચલાવ્યો અને હવે બીજા કારણોને માટે પરલામેંટની સભાથી કારભાર અમે અમારા હાથ લેવાનો ઠરાવ કર્યો છે માટે આ જાહેરનામાની જાહેર થવી હવે એ કારભાર [illegible]

મારે હાથ લીધો છે, રાજ્યની સર્વ રઇતને ફરમાવવામાં આવે છે કે તેમણે અમારા ઉપર અને અમારી પાછળ ગાદીએ બેસનારાઓ-ના ઉપર વિશ્વાસ રાખવો; અને તેમની આજ્ઞા પાળવી અને અમારી વતી રાજનો વહીવટ કરવાને જેને અમે નીમીએ તેમની આ-જ્ઞામાં રહેવું.

(૨) વિશ્વાસુ ભાઇ લાર્ડ કેનીંગની બુધિ, ને ડાહપણ ઉપર વિશ્વાસ રાખી અમે એને ભરતખંડનો પહેલવહેલો વાઇસરાય નીમીએ છીએ

(૩) ઇસ્ટ ઇંડીઆ કંપનીને તાબે જે ખાતાઓમાં જે જે નોકરો છે તે સર્વને પોત પોતાની જગ્યાએ બાહાલ રાખીએ છીએ; અને એ નોકરોને અમે જે કાયદા અને હુકમ કરીએ તે તેમણે પાળવા.

(૪) ભરતખંડના દેશી રાજાઓને જણાવીએ છીએ કે તેમની સાથે કંપનીએ જે જે કોલકરાર કર્યા છે તે અમે બરાબર પાળીશું અને અમે આશા રાખીએ છીએ કે આપ પણ તેમજ કરશો.

(૫) અમારા કબજામાં જે મુલકો છે તેમાં વધારો કરવાની અમારી ધારણા નથી, અમારા રાજ કે હકો ઉપર કોઇને હાથ ઘાલવા દેઇશું નહીં અને તે તેમ કરશે તો અમે તેમને સજા કરીશું તેમજ બીજાઓનાં રાજ્ય કે હકો ઉપર પણ હાથ નાંખવા દઇશું નહી દેશી રાજા-ઓના હક પણ અમે અમારા હકની માફક જાળવીશું.

અમે પંડે ખ્રીસ્તી ધર્મને સત્ય માનીએ છીએ તે છતાં અમારા ધર્મ સંબંધી મત અમારી રઇયતને પરાણે મનાવવાની અમે ઇચ્છા રાખતા નથી. અને અમે ફરમાવીએ છીએ કે ધર્મ માનવાને માટે કોઇના ઉપર મેહેર કે ઇતરાજી કરવી નહીં અમે અમારા તાબાના અમલદારોને સખ્ત મના કરીએ છીએ કે ધર્મ સંબંધી કોઇના ઉપર

જુલમ કરશે તો અમારો તેમના ઉપર અતિશય કોપ થશે.

(૭) જાતી ભેદ ઉપર અથવા ધર્મ ઉપર નજર નહી રાખતાં ભણેલા-ઓને બનતા સુધી યોગ્ય નોકરી આપવાને અમે ચુકીશું નહીં.

(૮) હિંદુઓમાં વારસા સંબંધી જુના રીવાજ ઉપર ધ્યાન આપીશું.

પ્ર૦ લોર્ડ કેનીંગ પછી આજ સુધીમાં કયા કયા વાઇસરાય થયા?

ઉ૦ ૧૮૬૨ માં લોર્ડ એલજીન આવ્યો.

૧૮૬૪ માં સરજાન લારેન્સ આવ્યો.

૧૮૬૯માં લોર્ડ મેયો આવ્યો.

૧૮૭૨ માં લોર્ડ નાર્થબ્રુક આવ્યો.

૧૮૭૬ માં લોર્ડ લીટન આવ્યો.

૧૮૮૦ માં માર્કવીશ ઓફ રીપન આવ્યો.

પ્ર૦ લાર્ડ કેનિંગ પછીના એલજીન સાહેબના વખતમાં શા બનાવ બન્યા?

ઉ૦ ૧ તેણે મંજુર કરેલા કાયદા પ્રમાણે કાયદા કરવાને કોંસિલ ઠરાવી. તેમાં ૩ દેશીઓ ને ૩ ઇંગ્રેજોને દાખલ કર્યા.

૨ વાબી નામે મુસલમાન પંથના આવાનો એ અફઘાનીસ્તાન તરફના ડુંગરોમાં રેહેનારા મુસલમાનોને ઉશ્કેરી હુલડ કરાવ્યું તેમને હરાવી લડાઇ સાંત પાડી. પછી તે મરણ પામ્યો,

૩ રૂના ભાવમાં વધારો થયો. કારણકે અમેરિકાના યુનાઇટડસ્ટેટમાં કજીયો ઉઠયો હતો તેથી ત્યાંનુ રૂ ઇંગ્લાંડ જઇ શકયુ નહીં તેથી મુંબાઇથી જનારા રૂના ભાવમાં વધારો થયો.

પ્ર૦ એલજીનના પછી સરજાન્સ લારેંન્સના વખતમાં શા શા બનાવ બન્યા?

ઉ૦ ૧ સોલજીરોને સુખી કરવા માટે પુસ્તકશાળા બાગ, કસરતશાળા સ્થાપવાની ગોઠવણ કરી. અને તેમને રહેવા માટે ઘર સુધારવા ના હુકમ કર્યા,

૨ કોલેરા વીગેરે રોગનો ઉપદ્રવ થવાનો કારણ સોધી કાઢ્યાં. ને તેમને માટે દાકતરો રાખ્યા.

૩ ભુતાનનો રાજા દુવાર નામના પ્રગણા ઉપર હક રાખતો હતો, તેથી હક નહી રાખવા માટે વકીલો મોકલી સમજુત કરી પણ તે રાજાએ નહી માનવાથી સને ૧૮૬૪માં ભુતાન ઉપર ફોજ મોકલી. પણ ઇંગરેજી ફોજને પાલીયાં પાણી વીગેરેની હાની પોચવાથી બંગાળી દુવાબને માટે દરવરસે પચીસ હજાર રૂપીઆ આપવાના ઠરાવી અંગરેજોને સલાહ કરવાની જરૂર પડી.

૪ અમદાવાદ, સુરત, મુંબાઇની દેખા દેખી સટા કરવા માંડયા તેથી સતારીયા લોકોની ઘણી ખરાબી થઇ ગઇ, ને તવંગર લોકો પાયમાલ થઇ ગયા.

૫ ઓઢિઆ પ્રાંતમાં સને ૧૮૬૬ માં ભારે દુકાળ પડયો.. પછી દુકાળ ન પડે તેને માટે યુક્તિઓ કરવા માંડી.

૬ પરરાજ્ય સાથે વધરા બંધ પાડયા. કારણકે બીજા રાજ્ય થ ઘાલવો નહી માટે.

૭ દ્વારકાંના વાઘેલાએ ખંડેરાવ ગાયકવાડના જુલમથી બં[illegible] તે અંગરેજ સરકારે બેસાડી દીધુ.

પ્ર૦ લારેન્સ પછી આવનાર ગવરનર લાર્ડ મેયો સાહેબના વખતમાં શા શા બનાવ બન્યા?

ઉ૦ લશ્કરી ખાતામાં તથા બીજા સરકારી ખાતામાં ઇમારતો ને. રેલ-વે વીગેરે બાંધવાનું કામ જારી રાખ્યું. તેથી દેવામાં વધારો થયો. ઇંગ્લાંડનો શાહજાદો આલફ્રેદ આવ્યો તથા કાબુલનો અમીર શેર અલી એ બંને જણાંની ખાત્રી લાર્ડ મેયોએ કરી, તેથી દોસ્તીમાં વધારો થયો,

પ્ર૦ લાર્ડ મેયોનું મોત શી રીતે થયું.

ઉ૦ આંદમાન બેટમાં કાળે પાણીએ ચઢાવેલા બંધીવાનની હાલત જોવા ગયો, તેવામાં અફઘાન કેદીયે મારી નાંખ્યો.

પ્ર૦ લાર્ડ મેયોના ગયા પછી લાર્ડ નાથબ્રુક આવ્યો તેના વખતમાં શા શા બનાવ બન્યા?

ઉ૦ ૧ રાજ્યમાં ખરચ, દેવુ ને કરમાં વધારો થયો,

૨ વડોદરાના રેસિડેન્ટ કરનલ ફેરને ઝેર દેવાનું તહોમત મહારાજ વ ગાયકવાડ ઉપર આવવાથી તેનો ફેંસલા માટે ત્રણ દેશી એ અ ને ત્રણ ગોરા લોકોએ મળી કનીશન કરતાં ગુન્હો સાબીત નથ યા છતાં ગવરનરની મરજીથી મદ્રાસમાં તેને કેદ કર્યો. ને તેની જગોએ મયત મહારાજ ખંડેરાવની વીધવા રાણી જમનાંબાઈની પાસે ખાનદેશની ગરીબ ગાયકવાડ કુળની સાખામાંથી કોઇ છો કરાને દત્તક લેવડાવ્યો.

૩ માહારાણીના ત્રીજો કુંવર પીન્સ ઓફ વેલ્સ હિંદુસ્તાનમાં પધાર્યા

પ્ર૦ લાર્ડ નર્થબુકના પછી લાર્ડ લીટનના વખતમાં શા બનાવ બન્યા?

ઉ૦ ૧ મીઠાના કરમાં દુકાળ પછી વધારો કરાવ્યો.

લાઇસંસ ટાક્ષ નાંખ્યો,

વિલાયતી કાપડની આયાત જગાત કાઢી નાંખી કરમાં વધારો કરયો.

વન્યુ જ્યુડીકશન આકટ કરી વસુલાતમાં સકતાઇ કરી.

જંગલ ખાતાનો આકટ કર્યો.

ખાનગી લવાદોના ફેસલા ઉપર સ્ટામ્પનો કરનો વધારો કર્યો.

૭ સિવિલ અને ક્રિમિનલ પ્રોસિજર કોડમાં અમલદારની જરૂરીઆત સત્તાનો વધારો કરયો.

૮ શેઠના વાણોતરનુ બીલ કરી ખાનગી માણસના સબંધમાં એક અણગમી અડચણ ઊભી કરી.

૯ હિંદુસ્તાનમાં હથિઆર સબંધનો આકટ કરી સરકાર રૈયત ઉપરથી હેત ઘટાડયું.

૧૦ સિવિલ સર્વિસ આકટ પ્રજાને ના ખુશી બતાવી.

૧૧ કેટલી કોલેજો બંધ કરી કેળવણીમાં વધારો કર્યો.

૧૨ રેવન્યુકરમાં હિંદુસ્તાનની શકતી કરતાં વધારો કરયો.

૧૩ સ્થાનિક સ્વરાજ્યના સબંધમાં દુસ્મન ભરેલી વર્તણુક બતાવી

૧૪ દેશી છાપા (કાળા ધારો) સબંધી આકટ પસાર કર્યો.

૧૫ અરજ પત્રોનો રસ્તો બંધ કરયો,

૧૬ કાબુલની લડાઇ જગાડી હીંદુસ્તાનના લોકોને દુખી કર્યા.

૧૭ સુટણીના હક આપવા ના પાડી.

૧૮ રાજ્યના જમામાં ખોટ પાડી.

૧૯ ઇ૦ સ૦ ૧૮૭૭ માં કઇશરેહીંદ કેતાબ રાણીએ ધારણ કર્યો.

ઉપર પ્રમાણે લાર્ડ લીટનના વખતમાં બનાવ બન્યો.

૫૦ લાર્ડ લીટન ગયા પછી લાર્ડ રીપન આવ્યો તેના વખતમાં શા બનાવ બન્યા?

૬૦ ૧ દેશના વેહેપારને ખરા અંતઃકરણથી ઉતેજન આપ્યું,

૨ મીઠાના કરમાં યોગ્ય ઘટાડો કરયો.

૩ લાઇશંશટાક્ષ બંધ કરવાનો ઇરાદો રાખે છે.

૪ હથીઆર આકટ રદ કરવા કબુલ કરે છે.

૫ ફોજદારી કાયદામાં અમલદારની હદ કરતાં વધારાની ર ઘટાડો કરયો.

૬ જંગલ ખાતાનો આકટ બંધ રાખ્યો છે,

૭ રેવન્યુ કર વધી ગયેલો બંધ રાખવાને તજવીજ ક તેમાં ઘટતો ઘટારો કરયો છે,

૮ પ્રેસ આકટ (કાળો ધારો) બંધ કરયો છે.

૯ અફઘાન લડાઇ બંધ પાડી ઇજીપ્ત લડાઇના ખર્ચ માટે મ- ખુત પ્રમાણે પ્રોસેસ કરયો.

૧૦ કોલેજો ઉઘાડી સાધારણ કેળવણીને ઉતેજન આપ્યું તથા વણી ખાતાને માટે કમીશન નીમ્યુ.

૧૧ ઝાહેરના અવાજ પર ધ્યાન આપ્યું ને ઝાહેર પત્રો વીચાર...

૧૨ દેશીઓને સીવીલ સરવીસમાં રાખવાને સાધારણ નીયમ કરી વધારો કરયો.

૧૩ સ્થાનીક સ્વરાજ્યનો સારો પાયો નાંખ્યો.

૧૪ આયાત જકાત કાઢી નાંખી કરમાં વધારો કરયો નહીં.

૧૫ આનગી સાહસ ક્રમોને ઉત્તેજન આપ્યું,
૧૬ કાંઉન્સીલમાં પ્રસન કરેલા માણસને પેલ નીમવા પેજ કરવી.
૧૭ કાયદા કરવામાં અવાજોપર ધ્યાન આપવાને તથા પ્રસિદ્ધ પુર શોને મત મેળવવા મારગ ઉઘાડયો,
૧૮ દેશની આબાદીના સાધનોમાં વધારો કરયો,
: દેશી માજીસ્ટ્રેટની સત્તામાં વધારો કરવાનુ બીલ કાંઉસિલમાં દાખલ કર્યું,
દેવામાં વધારો ન કરતાં ઇજીપ્તના દેવાનો ખર્ચ આપ્યો.
.શના એકંદર લાભ માટે ઘટતી તજવીજ કરી,
;શીને યુરોપીયનનો સરખો હક આપવાની યોગ્ય કોશીશ કરી
ની સાલોમાં શી શી મુખ્ય બીનાઓ બની; ઇ૦ સ૦ ૧૮૫૭
', ૧૮૬૪, ૧૮૬૫, ૧૮૬૬ ૧૮૭૨, ૧૮૭૪, ૧૮૭૫. ૧૮૭૭,

૫૭ માં ઇરાન જોડે વિગ્રહ, ચીન ઉપર સ્વારી અને દેશ પલટણમાં બળવો.
.૮૫૮ માં માહારાણી સાહેબને હાથ કંપનીનું રાજ્ય આવ્યું.
'૮૬૪ માં ભુતાન ઉપર ચડાઇ,
૮૬૫ માં મુંબાઇમાં બેંકોનો સરસયો.
'૬૬ માં ઓઢીઆમાં દુકાળ અને વાઘેલાઓનું બંડ,
. માં લોર્ડ મેયોનું ખુન
૧૮૭૪ માં મલ્હારરાવને ગાદીએથી ઉઠાડી મુકયો,
૧૮૭૫ માં પ્રીન્સ ઓફ વેલ્સ હિંદુસ્તાનમાં આવ્યો.
૧૮૭૭ માં મહારાણીએ કૈસરેહિંદનો ખેતાબ ધારણ કર્યો.
૧૮૭૮ માં લાઇસેન્સ ટેક્સ.

જાહેર ખબર.

સરવે લોકોને ખબર આપવામાં આવેછે કે ભરતખંડના [illegible]
મનુ પ્રશ્નોતર કીમત ૦-૬-૦ ગુજરાતી પ્રશ્નોતર (ગુજરાતીની [illegible]
કરણ) કીમત ૦-૩-૦ તથા ભુગોળનો ટુંક હેવાલ કીમત ૦-[illegible]
તથા ભરતખંડના ઇતિહાસની લડાઇઓ કીમત ૦-૦-૬ તથા [illegible]
[illegible]કમ કીમત ૦-૪-૦ તથા [illegible]ર થઇ શકે એવા દસ્તાવેજ [illegible]
[illegible]ા તથા દેશીભાષાની પ્રશ્નોતરીનું ટીપણું કીમત ૦-૮-૦ તથા [illegible]
[illegible]ની ચોપડી કીમત ૦-૩-૦ તથા ગીરધરકૃત રામાયણ કીમત
[illegible]૦ ના. ગુજરાતના [illegible] ૦-૧-૦ તથા ભરતખંડના ઇતિહાસનો
હેવાલ ૦-૨-૦ ઉપરની ચોપડીઓ નીચે સહી કરનાર પાસેથી રોકડી
મળશે. દશથી વધારે રાખનારને દસોંએ કમીશન આપવામાં
[illegible] ને એ રીતે પાંચ બીજી ચોપડીઓ જેઓને જોઇતી હોય તે
[illegible]ડયા આવે તો ટીકટ વધારે મોકલવાથી રીટ મોકલવામાં આવશે.

—ઢુંઢનાયકની પોળમાં ચોકશી નારણલાલ હીરાચંદ પાસેથી [illegible]
[illegible]રણના મંદીર આગળ ચોકશી રણછોડ રામદાસની દુકાનમાં
[illegible]ગર પ્રેસમાંથી તથા શા. નારણલાલ મગનલાલ પાસેથી.

—કાળુપરમાં ધનાસુતારની પોળમાં અંબાજીમાતા [illegible]
[illegible]ડીમાં શા. [illegible] પરસોતમદાસ પાસેથી. કાળુપુર[illegible]
[illegible]ની પોળમાં ગુંદાની પોળમાં શા. વલભદાસ કેવળદાસ [illegible]
[illegible]લાલ વલભદાસ પાસેથી

નડીઆદ—શેઠ સુરજી જગજીવનદાસ પાસેથી.

ચોકશી. નારણલાલ હીરાચંદ
નડીઆદ.